
# અધ્યાત્મ

વર્ષ-૫
અંક-૨
નવેમ્બર-૧૯૮



## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મ માસિકને વાચકો તરફથી સદ્‌ભાવભરી ભેટ મળતી રહે છે, તે વાચકોનો એના પ્રત્યેનો પ્રેમભાવ દર્શાવે છે. છેલ્લે મળેલી ભેટની રકમની વિગત નીચે પ્રમાણે છેઃ–


૫૧ શ્રી ઈશ્વરભાઈ ચીમનભાઈ પટેલ
૫૧ ,, ચંદ્રિકાબેન ઈશ્વરભાઇ પટેલ.
૨૫ ,, રમણુભાઇ પટેલ.
૧૧ ,, મંજુલાબેન ભાવસાર, શ્રાદ્ધ નિમિત્તે.
૨૫ ,, ગોમતબેન કાલીદાસ, નનસાડ તરફથી
૧૦૧ ,, રમેશભાઈ જગુભાઇ પટેલ, સુરત.
૩૧૭ ,, દયારામ રણછોડજી મિસ્ત્રી, બોલ્ટન તરફથી
૨૦૦ ,, સુરેશભાઇ મિસ્ત્રી ટોરેન્ટો કેનેડા
૫૧ મહારાષ્ટ્ર બોર્ડીંગવાળા દાસકાકા વડોદરા, તરફથી ભાઇ પ્રશાંતના જન્મદિને
૨૧ શ્રી ઠાકોરભાઇ મોતીભાઈ શાહ, વડોદરા તરફથી ભાઈ ધીરજ અને હીરેનના જન્મદિન નિમિત્ત.
૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.
૩૦૧ શ્રી વિનોદભાઇ રતિલાલ શાહ તથા પલ્લવી રતિલાલ શાહ (ઇટાવાવાળા) હાલ ન્યુજર્સી. નોકરી મળવા નિમિત્ત.

## પેટ્રન

અધ્યાત્મના ભારતના બે નવા પેટ્રનોનો ઉમેરો થયો છે. તેઓનાં નામ નીચે પ્રમાણે છેઃ–

૬ શ્રી વલ્લભભાઇ હરિભાઇ પટેલ, સીંગોદ રૂ. ૧૦૦૧
૭ શ્રી શાન્તિલાલ વ્રજલાલ કડીવાલા, સુરત રૂ. ૧૦૦૧

નોંધઃ–શ્રી શાન્તિભાઇ અગાઉ આજીવન સભ્ય હતા. તેમાંથી તેઓ હવે પેટ્રન બન્યા છે. તે તેઓની સદ્‌ભાવના દર્શાવે છે.



શ્રી યોગેશ્વરજી

## નૂતન વર્ષાભિનંદન

સૌને નૂતનવર્ષની અનેકાનેક શુભેચ્છાઓ.
સૌ સુખી બનો, શાંતિ પામો,
એકમેકને મદદરૂપ થાવ.
સૌ સફળ મનોરથ બનો.
નૂતનવર્ષ સર્વને માટે સાચેસાચ
નૂતન બનો, નૂતન ઠરો.

મા સર્વેશ્વરી — યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવા જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૨ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.
**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| નવું વરસ | યોગેશ્વરજી | ૩ |
| કાલીનું દર્શન | નારાયણ હ. જાની | ૫ |
| આર્ષ-સંકેતો | ભાઈલાલભાઈ છાટબાર | ૧૦ |
| દિવાળી અને નવું વરસ | યોગેશ્વરજી | ૧૬ |
| યાત્રાનો એક દિવસ | મા સર્વેશ્વરી | ૧૯ |
| ત્યાગ | યોગેશ્વરજી | ૨૪ |
| બાજી | ડૉ. રણજિત પટેલ | ૨૫ |
| કેશવની કૃપા | જગદીશચંદ્ર આચાર્ય | ૨૬ |
| જીવન પાથેય | સૂર્યકાંત લ. ભટ્ટ | ૨૭ |
| શ્રીમદ્ ભાગવત સુધા (૭) | પ્રા. જનાર્દન દવે | ૩૦ |
| એક અલૌકિક દર્શન | દક્ષા એમ. ભટ્ટ | ૩૪ |
| સુપ્પારકનો સંન્યાસી | ભાનુકુમાર નાયક | ૩૭ |
| મને મહાત્માશ્રી યોગેશ્વરજી કેમ ગમે ? | ગૌતમ ભટ્ટ | ૪૬ |
| સિદ્ધયોગી શ્રી સંધ્યાપુરીજી | સ્વ.પ્રપન્નલાલ કાજી | ૫૦ |
| સ્વામીનારાયણના અડગ ભક્ત-સૂરાખાચર | -સત્સંગી | ૫૪ |
| પ્રકાશના પંથે | યોગેશ્વરજી | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**-મા સર્વેશ્વરી**


વર્ષ : ૬ નવેમ્બર-૧૯૮૩ અંક : ૨


## નવું વરસ

નવું વરસ.

નવું વરસ આવ્યું ને ગયું.

નવાં નવાં વસ્ત્રો પહેર્યાં. મિષ્ટ ભોજન કર્યાં. તે દિવસે રોજ મોડાં ઉઠતાં તે પણ વહેલાં ઉઠ્યાં. નહાયાં ધોયાં, પરવાર્યાં. દેવ-મંદિરોમાં દર્શને ગયાં. મિત્રોને, સ્વજનોને, વડીલોને, ગુરુજનોને પૂજ્ય પુરુષોને, મળ્યાં. નૂતન વર્ષાભિનંદન કહ્યાં. સાલમુબારક કર્યાં. પાસે ને સાથે હતાં તેમને પ્રત્યક્ષ મળીને. દૂર હતાં તેમને ટપાલ લખીને, ટેલીફોનથી, તાર કરીને.

કોઇએ સિનેમાનો કાર્યક્રમ બનાવ્યો તો કોઇએ પાર્ટી યોજી.

દિવસ વીત્યો ને રાત પણ પૂરી થઈ. ફટાકડા ફૂટ્યા, ફૂટતા જ રહ્યા. રાતભર દારુખાનું ખાલી થયું. એના એકધારા અસહ્ય અવાજમાં શાંતિથી ક્યારે ઊંઘાયું તેની ખબર પણ ના પડી.

નવું વરસ આવ્યું ને ગયું.

વળી પાછા એવા ને એવા. વરસ કેલેન્ડરની ગણતરીથી નવું કિન્તુ આપણે નવા નહીં. વરસ બદલાયું પરંતુ આપણે ના બદલાયા નવો આનંદ નહીં. શાંતિ નહીં. સંતૃપ્તિ નહીં. સુખાકારી કે સાધના નહીં.

એવું જ બોલવાનું, એવું જ ચાલવાનું. એ જ પ્રમાણે વર્તવાનું. એવો જ કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાર્થ, અહંકાર. એવો જ રાગદ્વેષ. એવી જ સંકુચિતતા. સાંપ્રદાયિક અને બીજી કટ્ટરતા. એવાં જ લાંચરુશ્વત, પ્રમાદ, કર્તવ્ય ના કરવાની, બીજાનું સારું જોઇને જલવાની, બીજાના સમુત્કર્ષને સહી ના શકવાની ક્ષુલ્લકતા. વ્યસનો મટ્યાં નહીં. દુર્ગુણ ગયા નહીં. કુટેવોમાંથી મુક્તિ મળી નહીં. કુવિચાર, કુભાવ, કુસંસ્કાર, કુકર્મના સ્થાને સુવિચાર, સદ્ભાવ, સુસંસ્કાર, સત્કર્મ, આવ્યાં નહીં, દેખાયાં નહીં. કાર્ય કરતાં થયાં નહીં. પોતે જમ્યા પણ ભૂખ્યાને ના જમાડ્યાં. ભૂખ્યાંને ભોજન કરાવવાનો, તરસ્યાંની તરસ શમાવવાનો, સંતપ્તને છાયા આપવાનો, અનાથના આધાર થવાનો, દુઃખીને દિલાસો દેવાનો, વ્યાધિગ્રસ્તને વ્યાધિમુક્ત કરવાનો, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવાનો; કોઇનું ઘર વસાવવાનો, કોઇના શરીર પર વસ્ત્ર વીંટવાનો, કોઇના અશ્રુને લૂછવાનો, કોઇક બેકારની આંગળી પકડીને કામ અપાવવાનો, આર્તને આશ્વાસન આપવાનો. ભૂલેલાના ભોમિયા બનવાનો; અન્યાય, આતંક, અનાચાર, અધર્મ, શોષણ, અવિદ્યાનો પ્રતિકાર કરવાનો; વિચારે ના કર્યો. કોઈ નવું વ્રત ના લીધું. તપ ના કર્યું. જપ, ધ્યાન, પ્રાર્થના, સંયમ, સ્વાધ્યાય દાનનો કાર્યક્રમ ના ઘડ્યો. મન નવું ના થયું. ઘર નવું ના થયું. નવા સુમેળની, સંપની, સહયોગની અવનવી યોજનાને ના બનાવી. વરસોથી જેવું થતું આવેલું તેવુંજ થયું. સડી ગયેલું તેમજ સડી ગયેલું દેખાયું. કર્તવ્યનિષ્ઠ થવાની, હરામનું ના ખાવાની, પરધનને પથ્થર સમજવાની, વૃત્તિ ના વિકસી.

દૃષ્ટિ, વૃત્તિ. પ્રવૃત્તિ, એવીજ અકબંધ રહી. નવું વરસ આવ્યું ને ગયું. અલબત્ત–કેલેન્ડરમાં. પરંતુ જીવનમાં ના આવ્યું.

જીવનમાં આવત તો જાત નહીં. ચમત્કારરૂપ બનત. ઉત્સવ ધરત, આશીર્વાદરૂપ ઠરત.

યોગેશ્વરજી



# કાલીનું દર્શન

નારાયણ હ. જાની

૧૮૫૬ ના વર્ષના મહિનાઓ જેમ જેમ પસાર થતા ગયા, તેમ તેમ શ્રી રામકૃષ્ણના સાધનાત્મક પ્રયત્નો વધુ ને વધુ ઉત્કટ બનતા ગયા. કાલીમાતાની મૂર્તિને બહુ કરૂણભાવે પ્રાર્થના કરતાં. કહેતાઃ–હે મા, તેં તારી કૃપા રામપ્રસાદ અને બીજા ભક્તો ઉપર અગાઉ વરસાવી દર્શન આપ્યાં, તો તું મને તારૂં દર્શન કેમ આપતી નથી? હે મા, તું મારી પ્રાર્થના કેમ કાને ધરતી નથી? હું તને કેટલાય વખતથી પ્રાર્થું છું." અને આમ કહેતાં કહેતાં તેઓ ખૂબ હૈયાફાટ રુદન કરતા.

પાછલાં વર્ષોમાં પોતાની સાધનાના આ સમયને યાદ કરીને શ્રી રામકૃષ્ણ કહેતા કે કેવી ભયંકર યાતનાના એ દિવસોમાંથી હું પસાર થયો! જગદંબાના વિયોગના મારા દુઃખની તમે કલ્પનાય નહિ કરી શકો. પણ આ સ્વાભાવિક જ હતું. ઘડીભર કલ્પો કે ચોરની પાસેના ઓરડામાં સોનાનાં ઘરેણાંની થેલી છે અને બન્ને ઓરડાઓ વચ્ચે પાતળું પાર્ટીશન જ છે. તો શું તે ચોર શાન્તિપૂર્વક ઊંઘી શકે કે? શું તે ઓરડાની દિવાલ તોડીને સોનું મેળવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકવાનો? મારી દશા પણ કંઈ આવી જ હતી. હું સારી પેઠે સમજતો હતો કે મા જગદંબા મારી ખૂબજ પાસે છે. તો પછી હું બીજી કોઇ વસ્તુની ઇચ્છાજ કેમ કરી શકું? મા જગદંબા તો અનંત સુખના સાગરરૂપ છે. એની સરખામણીમાં, આખી દુનિયાની સંપત્તિ તુચ્છમાત્ર છે.'

ઘણીવાર મૂર્તિ સમક્ષ તે ધ્યાનમાં ડૂબી જતા અને એકસાથે

કલાકો સુધી ધ્યાનમાં સ્થિર થઇ જતાં પૂજાની વિધિ અટકી જતી. આને લીધે, મંદિરના કેટલાક કર્મચારીઓ એમના પ્રત્યે ગુસ્સે થઇ જતા, તો બીજા કેટલાક એમને અર્ધ ચક્કર ગણી એમની હાંસી ઉડાવતા. પરંતુ મથુરબાબુ શ્રી રામકૃષ્ણથી ખૂબજ પ્રભાવિત થયા હતા. તે રાણી રાસમણિને કહેતા કે આપણને જગદંબાની પૂજા માટે બહુ સરસ પૂજારી મળી ગયો છે. વહેલે મોડે, એ મૂર્તિમાં ચેતન અવશ્ય પ્રકટાવશે.

મથુરબાબુની આ વાત ટૂંક સમયમાંજ સાચી પડી. પોતાની તે વખતની અનુભૂતિનું વર્ણન કરતાં પાછળથી રામકૃષ્ણદેવ કહેતા: મા કાલીનું દર્શન ન થવાને લીધે મને હૃદયમાં અસહ્ય પીડા થતી. જેમ માણસ પોતાના પલાળેલા રૂમાલમાંથી પાણી કાઢવા ખૂબ જોરથી નીચોવે, એમ મારું આખુ હૃદય જાણે નીંચોવાઈ જતું હોય એમ મને લાગતું. મને નિરાશા થતી કે મા જગદંબાનું દર્શન મને કદીય નહિ થાય. એની વ્યથાથી હું જાણે મરવા પડયો હોઉ એવો થઇ ગયો. એ પીડાને લીધે મને થતું કે હવે જીવવાનું પ્રયોજન શું છે? એ વિચાર આવ્યો ત્યાં મા જગદંબાની પ્રતિમાની બાજુમાં લટકાવેલા ખડ્ગ ઉપર મારી નજર અચાનક પડી. મેં મારા જીવનનો એ ક્ષણે ત્યાંજ અંત લાવવાનો નિશ્ચય કર્યો. એક ગાંડા માણસની જેમ દોડીને એ ખડ્ગ મેં ઉપાડી લીધું. પરંતુ ત્યાં તો...મા જગદંબાનું મને અદ્ભૂત દર્શન થયું ને હું બેભાન થઇને જમીન પર ઢળી પડયો. એ અવસ્થામાં જાણે કે ઘરો, દરવાજા, મંદિર અને આજુબાજુનું બીજુ સર્વકાંઇ દેખાતું બંધ થઇ ગયું. અને પ્રકાશના અનંત ચિન્મય સાગર સિવાય બીજું કાંઇજ ન રહ્યું. ચારે બાજુ ને દૂર દૂર સુધી મેં જોયું તો એક પછી એક પ્રકાશનાં મોજા જાણે કે મારી તરફ આવતાં હોય એમ દેખાયું આ મોજાં



ખૂબ વેગથી મારી તરફ ધસી આવતાં હતાં અને પછી થોડીજ વારમાં એ મોજાં મારા ઉપર ફરી વળ્યાં તેમજ તેની અનંત ઊંડાઇમાં મને ડૂબાડી દીધો. હું ખૂબ જોરથી હાંફવા લાગ્યો, તેમજ બહાર નીકળવા ફાંફાં મારવા લાગ્યો, પરંતુ મારું ભાન મેં ગુમાવી દીધું.

શ્રી રામકૃષ્ણના વર્ણન ઉપરથી એ બરાબર સ્પષ્ટ થતું નથી કે તેઓ પ્રકાશના સાગરનાં ચિન્મય મોજાંઓમાં ડૂબી ગયા ત્યારે એમને મા જગદંબાનું દર્શન થયું કે કેમ? પરંતુ એ થયું હોવું જોઇએ એમ લાગે છે; કારણ કે જ્યારે તેઓ ફરી ભાનમાં આવ્યા ત્યારે સહુ પ્રથમ તેમના મુખમાંથી 'મા, મા' શબ્દો જ નીકળ્યા.

આ દર્શન પછી રામકૃષ્ણની અવસ્થા એવી થઇ ગઇ કે તેઓ જગદંબાના ધ્યાનમાં એવા ગરકાવ રહેતા કે તેઓ મંદિરની પૂજા બીલકુલ કરી શકતા નહિ. એમના ભાણેજ હૃદયને એમના વતી તે કરવી પડતી. પોતાના મામાની માનસિક હાલતથી હૃદય એટલો બધો ગભરાઈ ગયો કે તેણે તેમની સારવાર માટે દાક્તરને બોલાવ્યા. પણ તે જરાય કારગત ન નીવડ્યા.

જે દિવસો દરમ્યાન શ્રી રામકૃષ્ણ પૂજા કરવાને શકિતમાન બનતા, તે વખતે એક વિચિત્ર ઘટના બનતી. પાછળથી રામકૃષ્ણ દેવ એનું વર્ણન કરતાં કહેતા કે જેવો હું ધ્યાન કરવા બેસું કે મારા શરીરનાં અંગોમાં મને કડકડ અવાજ સંભળાવા લાગતો. સૌ પ્રથમ તે પગોમાં સંભળાતો. મને એવું લાગતું કે કોઇ મારાં અંગોને એક પછી એક ચાવી ફેરવીને બંધ કરતું ન હોય! એ પછી હું મારૂં આસન જરા પણ બદલી, ફેરવી કે શરીર હલાવી શકતો નહિ. મારૂં મન પરાણે ધ્યાન કરવા લાગી જતું તેને હું અટકાવી શકતો નહિ, કે બીજે જઈ શકતો નહિ અથવા

તો મેં ઇચ્છયું હોય એમ બીજુ કાંઇ કરી શકતો નહિ. જાણે પરાણે મને એકજ આસનમાં બેસવાની ફરજ પાડવામાં ન આવી હોય! તે પછી ધ્યાન પૂરૂં થતાં ફરી પાછાં જાણે કે મારાં અંગોને ચાવી વડે કોઇ ખોલતું ન હોય એમ એક પછી એક અવયવો છૂટા થતા. પરંતુ આ વખતે એનો પ્રારંભ ગરદનથી થતો અને અંત—પગોમાં આવતો.

જ્યારે હું બેસતો ને ધ્યાન કરતો, ત્યારે મને સૌપ્રથમ આગિયાના ટોળાં જેવા પ્રકાશના તણખાઓનું દર્શન થતું. તો કેટલીકવાર મને ધુમ્મસની જેમ પ્રકાશના પૂંજ વડે બધી જ વસ્તુઓ ઢંકાઈ જતી દેખાતી, તો બીજી કોઈકવાર જાણે તપાવેલી ચાંદીના પ્રવાહી જેવા પ્રકાશનાં મોજાંઓ બધીજ વસ્તુઓને સંપૂર્ણ રીતે છાઇ વળતાં. હું જે કાંઇ જોતો તે શું છે, તેની મને તે વખતે સમજ ન હતી. તેમજ હું પણ જાણતો નહિ કે આવાં દર્શન થવાં તે સારૂં કહેવાય કે ખરાબ. એટલે હું ઉત્કટતાપૂર્વક જગદંબાને પ્રાર્થના કરી કહેતો કે "હે મા, મને આ શું થાય છે, તેની મને કંઇ ખબર પડતી નથી. તને કેમ ઓળખવી એ કૃપા કરી મને શીખવ. જો તું મને ન શીખવે તો બીજું કોણ મને શીખવવાનું ?"

શ્રી રામકૃષ્ણના આવા સીધા સરળ ઉદ્ગારોથી એ જગદંબાના બાળક સમા કેવા હતા, એનું ખૂબ આબેહૂબ દર્શન આપણને થાય છે, જે એમના અન્ય સમકાલીનોના ઉદ્ગારોથી ભિન્ન જણાય છે. હવે તેઓ દરેક બાબતમાં–પછી ભલે તે સાવ નજીવી કેમ નથી હોતી–એક બાળકની જેમ, મા જગદંબાની ઇચ્છા પ્રમાણે ચાલતા. તેમની આવી વર્તણુંક વિષે લોકો શું કહેશે એ વિશેષ તેઓ તદ્દન ઉદાસીન હતા.

આ પછી તેઓને મા જગદંબાનું દર્શન અવારનવાર થતું. તે કેવળ મંદિરની અંદરજ નહિ પરંતુ બહાર પણ થતું.



એ માટે એમને ધ્યાનમાં બેસવાનો કોઇ પ્રયાસ કરવો પડતો નહિ. મંદિરમાં હવે તેમને કેવળમૂર્તિનું નહિ પરંતુ મા જગદંબાનું ચિન્મય સાક્ષાત્ સ્વરૂપ દેખાતું. પાછળથી આ વિષે વર્ણન કરતાં તેઓ કહેતા કે હું માના નસ્કોરાં આગળ મારો હાથ ધરતો, તો મને મા જગદંબા ખરેખર શ્વાસ લેતી જણાતી. હું એને ખૂબ ધ્યાનપૂર્વક જોતો, પરંતુ રાત્રે મને દીવાના પ્રકાશમાં તેનો પડછાયો મંદિરની ભીંત ઉપર કદી જણાતો નહિ. રમતિયાળ નાની બાળાની જેમ, પગમાં ઝાંઝરનો ઝમકાર કરતી તે ઉપરના માળે દોડતી તેનો અવાજ મને મારા ઓરડામાં સંભળાતો. આ ખરેખર એનોજ અવાજ છે એની ખાત્રી કરવા માંગતો હોવાથી હું એકવાર બહાર દોડી આવ્યો. તો મેં તેને મંદિરના બીજા માળના ખુલ્લા ભાગમાં ઊભેલી જોઇ. તેના વાળ છુટ્ટા હતા અને ઘડીમાં તે કલકત્તા તરફ તો ઘડીકમાં ગંગાજી તરફ જોતી હતી."

[શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે]

---

( **આર્ષ સંકેતો** પાના ૧૫નું અનુસંધાન )

અવશ્ય બનવાનું છે. તેઓ–સંકલ્પ કરે તો તેવું, ધારે ત્યારે બને તેવું છે. પરંતુ સમય પાકે ત્યારે અથવા કહો કે તેવો સમય પાકતાં મા ભગવતી આદેશ આપે ત્યારે જ તે બને.

* * *

તા. ૩૧–૮–૧૯૭૯ ( શુક્રવારે ) કાબ્વે ( ઝામ્બિયા )થી લખાયેલ મારા ઉપરના કૃપાપત્રમાં મહાત્માજીએ લખેલું છે. ......×માના આગમનથી ભાવિમાં જે * '**સંગીન સત્કાર્ય**' કરવાનું છે, તેની ભૂમિકા પૂરી થઇ......

× **સર્વેશ્વરીજી (*) આ જન્મનું મિશનરી કાર્ય**

# આર્ષ-સંકેતો

ભાઈલાલભાઈ છાટબાર

[ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સાધનાનું લક્ષ્ય પ્રથમથી જ स्वान्तः सुखायની સાથે સાથે परजन हिताय च રહ્યું છે. એઓશ્રીની આ ઉત્તમ ભાવનાનું પ્રતિબિંબ એમના સાહિત્યમાં અનેક ઠેકાણે પડ્યું છે. સાથે સાથે તેઓશ્રીના ભાવિ કાર્ય વિષેના આર્ષ-સંકેતો પણ તેઓશ્રીના લખાણો-માં વાતચીતોમાં જોવામાં આવ્યા છે.

શ્રી ભાઈલાલભાઈ પૂ. શ્રીના ઘણાં વર્ષોથી અંગત પરિચયમાં છે ને તેઓશ્રીમાં ખૂબ પ્રેમભાવ ને શ્રદ્ધા ધરાવે છે. તેમણે આવા થોડા આર્ષ-સંકેતોનું સંકલન કરી, અધ્યાત્મના વાચકો સમક્ષ મૂક્યું છે, તે સહુને ગમશે.

—તંત્રી]

**'ભગવાન બુદ્ધનું સાક્ષાત્ દર્શન'** થયું તે સમયે (મે-૧૯૩૭) મહાત્માજીની ઉંમર સોળેક વર્ષની હતી. મુંબઈ-ના વિદ્યાભ્યાસ-કાળ દરમ્યાનના એક વેકેશનમાં તેઓ મોસાળ **વડોદરા** ગયેલા. મામા ત્યાંની લોહાણા બોર્ડિંગના ગૃહપતિ હતા

બોર્ડિંગના અહીંના ગૃહપતિ-નિવાસમાં એક નાનું સરખું માળિયું હતું. આ માળિયાને એક નાની સરખી બારી હતી. તે બારીએ ઊભા રહીને ખુલ્લું આકાશ જોઈ શકાતું. આ બારીએ ઊભા ઊભા એક સાંજે સંધ્યાના સુંદર રંગોનું દર્શન-અંધારું થતાં સુધી-મહાત્માજી કરતા રહ્યા; અને પછી વિચાર થતાં, તે માળિયામાં એક કલાક ધ્યાનમાં બેઠા. ધ્યાન પછી વિચાર આવ્યો કે આંખ ઉઘાડીને થોડી વાર ત્યાં ને



ત્યાં જ પ્રાર્થના પણ કરું. તે પ્રમાણે આંખ ઉઘાડી તો વિસ્મયજનક અને કલ્પનાતીત દૃશ્ય—**'ભગવાન બુદ્ધનું સાક્ષાત્ દર્શન'**-એમની સામે ઉપસ્થિત થયું.

"લગભગ પાંચેક મિનિટ સુધી એ દર્શન કાયમ રહ્યું. પછી ભગવાનની છાતી પર મોટા રૂપેરી અક્ષરો લખાયા. પહેલાં 'યુ' લખાયો. તે અદૃશ્ય થઈ ગયો. પછી 'ગા' લખાયો. તે પણ અદૃશ્ય થયો. એમ ક્રમે ક્રમે 'યુ-ગા-વ-તા-ર' એમ પાંચ અક્ષર શુદ્ધ ગુજરાતીમાં લખાયા ને અદૃશ્ય થયા...તે પછી બુદ્ધ ભગવાનનું સ્વરૂપ સહેજ ઝાંખું થયું, પછી વધારે ઝાંખું થયું, ને છેવટે અવકાશમાં મળી ગયું કે અદૃશ્ય થયું."

મહાત્માજી લખે છે કે-તેનો સાચો મર્મ મારા સમજવામાં આવ્યો નહિ...[**'શ્રેય અને સાધના**-પ્રકરણ ૪-પ્રકાશન : ઓગસ્ટ, ૧૯૬૩; **પ્રકાશનાપંથે**-પ્રકરણ ૧૯ પ્રકાશન : જાન્યું. ૧૯૭૮ ]

*    *    *

મહાત્માજી ૨ મે થી ૩૦ મે (૧૯૫૭) સુધી ૨૯ દિવસ **મહુવા** (સૌરાષ્ટ્ર) હતા. સમુદ્રકિનારે આવેલું અને બાગ-બગીચાથી શોભતું મહુવા સૌરાષ્ટ્રનું કાશ્મિર ગણાય છે.

જૂના ભાવનગર રાજ્યના નિવૃત્ત દીવાન (દીવાનગીરી : ૧૯૩૭-૧૯૪૭) સ્વ.શ્રી અનંતરાય પ્રભાશંકર પટ્ટણી [સિનિયર પટ્ટણી-સર પ્રભાશંકર દલપતરામ દીવાનના અનુગામી ]પોતાના ભત્રીજા શ્રી ઉષાકાન્તભાઈની ( અસલ પોપટલાલ વકીલની ) નદી કિનારાની બગીચા-વાડીના 'ગાર્ડન-હાઉસ' માં આ ઉનાળો ગાળવા આવેલા.

જૂના ભાવનગર રાજ્યના અમે થોડા શિક્ષક-મિત્રો, વિદ્યાભ્યાસ-કાળ દરમ્યાનના અને નોકરી દરમ્યાનના પરિચય-

ના કારણે, ચારપાંચ દિવસને અંતરે સાંજે સાંજે પટ્ટણીસાહેબ પાસે બગીચાવાડીએ બેસવા જતા; અને એમના અનેકવિધ અનુભવોની રસપ્રદ વાતો સાંભળતા. તેઓ કેમ્બ્રિજ (ઇંગ્લેંડ) ના એમ. એ. હતા.

એક સાંજે મહાત્માજીની વાત નીકળતાં એમણે ઉત્સાહપૂર્વક ઇચ્છા દર્શાવી કે-મારે એમનાં દર્શન કરવાં છે અને મળવું છે.......પૂરી વૃદ્ધાવસ્થા અને દમની પીડા પણ ખરી પરંતુ ઉત્સાહથી ઉછળતા યુવાન જેવી પ્રકૃતિના હતા.

મેં મહાત્માજીને વાત કરી જોઈ : એમણે કૃપાપૂર્વક કહ્યું કે—એમને સવારની નવથી અગિયારની બેઠક દરમ્યાન લઇ આવો. એમને ખુરશી ઉપર આરામથી બેસાડશું. ઉતારાના કમ્પાઉન્ડનો દરવાજો ખોલી નાખીએ એટલે બેઠકખંડના પગથિયાં સુધી મોટર આવી શકે એમ છે.

બગીચાવાડીએ સંદેશો કહેતાં જ બે દિવસ પછીની સવારનો દસનો સમય મળવા માટે નક્કી કરી, તે સમય મહાત્માજીને જણાવવા કહ્યું.

તા. ૧૨-૫-૫૭ (સં. ૨૦૧૩ વૈશાખ સુદી ૧૩) રવિવારની સવારે ૧૦-૦૦ વાગ્યે પગથિયાં સુધી મોટર લાવી, તેમાંથી ઊતરીને પટ્ટણીસાહેબ બેઠકખંડમાં દાખલ થતાં જ, મહાત્માજીએ સ્મિતથી આવકાર્યા અને ખુરશી પર બેસવા કહ્યું. બેઠકખંડમાં હાજર સૌ એમને પીછાને કેમકે મહુવા ભાવનગર રાજયનું જ બીજા નંબરનું શહેર.

વાત વાતમાં પટ્ટણી સાહેબે પ્રસ્તાવ મૂકયો કે—આખી દુનિયા યુદ્ધના ભય નીચે જીવે છે, આપ જેવી વ્યક્તિએ શાંતિ માટે પ્રચાર કરવો જોઈએ. યુદ્ધને અટકાવવા મહુવામાંથી અને બીજે બધે ફરો ત્યાંથી અને તેટલી **'શાન્તિ સહીઓ'** ભેગી કરવી જોઇએ. આ બધી સહીઓવાળી



અરજીઓ ગામમાંથી સૌ દિલ્હી રાષ્ટ્રપતિને મોકલી આપે અને તે, એ બધું "યુનો"-માં મોકલી આપે. એ રીતે યુદ્ધ સામેનો આપણો વિરોધનો સૂર 'યુનો' સુધી પહોંચે તો બોમ્બના પ્રયોગો અને યુદ્ધ એ બધું બંધ થઇ જાય.

પટ્ટણીસાહેબની વાત સૌને નવી લાગી.

તેઓ અતિવૃદ્ધ હોવાથી મહાત્માજીએ શાંતિથી ધીરજપૂર્વક ઉત્તર વાળ્યો કે—આવી સહીઓ ભેગી કરવાથી કોઈ હેતુ સરે નહિ. લોકમત જાગ્રત થાય તે જ માત્ર પૂરતું નથી. આ દિશામાં ત્રણ રીતે વિચાર થઇ શકે:-

(૧) ભારત અને બીજા બહુ જૂજ દેશો સિવાય દુનિયાના મોટા ભાગના દેશોનું સુકાન યુદ્ધખોર રાજ્યકર્તાઓના હાથમાં છે. તેમણે સૌએ શાંતિને નામે લશ્કરી કરારો અને લશ્કરી તૈયારીઓમાં જ રસ લીધો છે. તેને બદલે દરેક દેશમાં લોકમત કેળવીને સત્તા ઉપર એવા માણસોને ચૂંટી કાઢવા જોઈએ કે જે લશ્કરી તાકાતમાં નહિ પણ શાંતિ તથા માનવતામાં માનતા હોય અને તે માટે જ હંમેશાં પ્રયાસ કરતા હોય.

(૨) રશિયા અને અમેરિકા જેવા આગેવાન રાષ્ટ્રો વૈજ્ઞાનિકોની બુદ્ધિનો જ ઉપયોગ કરતા હોય છે. સમસ્ત જગતના વૈજ્ઞાનિકો ભેગા મળી મક્કમ નિર્ણય કરે કે-**ગમે તેવો ભોગ ભલે આપવો પડે પણ**-તેઓ પોતાની શકિતને માનવસંહારના સાધનોની શોધ પાછળ નહિ ખર્ચે; તો લડાયક રાજ્યશાસકોના હાથ હેઠા પડી જાય. તેમનો મોટામાં મોટો આધાર જ વૈજ્ઞાનિકોના આ કાફલાઓ છે-તે આધાર જ તૂટી જાય આઇન્સ્ટાઈન જેવા માનવતાવાદી વૈજ્ઞાનિકો આ બાબતમાં પહેલ કરીને ભારે આશીર્વાદરૂપ બની શકે. વૈજ્ઞાનિકોના આત્માને જાગ્રત કરવાનું અને શાંતિ માટે તેનું સંઘબળ ઊભું કરવાની જરૂર છે. પછી તેઓ બધા

સૌની સુખાકારીની સાધનામાં જ પોતાનું જીવન ખર્ચી નાખશે.

**(૩) કોઇ મહાપુરુષનું પ્રાગટય થાય તોય આ વાત સંભવી શકે છે. તેવો મહાપુરુષ વિરાટ શકિત કે સિદ્ધિઓથી સંપન્ન હોવો જોઇએ. વળી તેના જીવનકાર્ય (મિશન) પાછળ ઇશ્વરની પ્રેરણા કામ કરતી હોવી જોઇએ. એવો સિદ્ધ મહાપુરુષ યુદ્ધના સંહારક સાધનોને નિષ્ફળ બનાવી દઇને દુનિયાને શાંતિ અને માનવતાને માર્ગે દોરી જાય. એવો સિદ્ધ યોગીપુરુષ પોતાની દૈવી શકિતથી ઘણું કામ કરી શકે. દેશમાં અનેક તપસ્વીઓ અને સંતપુરુષો છે તો તેમાંથી જ કોઇ આવી વિભૂતિ કેમ ન નીકળી આવે ?**

પટ્ટણી સાહેબે પ્રશ્ન કર્યો કે—આપે ત્રીજી વાત કરી તેવું તો કાંઇ બની શકે તેમ સંભવિત નથી લાગતું.

મહાત્માજીએ ઉત્તર વાળ્યો કે—૧૯૧૫ માં ભારતદેશમાં જૂજ વ્યક્તિઓ સિવાય ગાંધીજીને કોણ ઓળખતું હતું ? પરંતુ જોતજોતામાં ૧૯૨૦, ૧૯૩૦ અને ૧૯૪૨માં તો દુનિયાનો ખૂણેખૂણો એમને ઓળખતો થઈ ગયો. સત્યાગ્રહ અને અસહકારના અકસીર શસ્ત્રોથી ૧૯૪૭માં તો ગાંધીજીએ દેશને આઝાદી અપાવી દીધી. ૧૯૧૫માં ગાંધીજી જેવી વિભૂતિનું પ્રાગટ્ય ન માન્યામાં આવે એવી વાત જ હતી... આમ ગાંધીજીના પ્રાગટ્યની જેમ આ દેશમાં, ઈશ્વરની ઇચ્છાથી વળી એક મહાપુરુષ-કોઈ સિદ્ધસંત પેદા થાય તે વાત ન માન્યામાં આવે તેવી નથી. ગાંધીજીના પ્રાગટયથી દુનિયાને સત્ય અને આત્મિક શક્તિમાં શ્રદ્ધા બેઠી છે. **ગાંધીજી થયા તેમ કોઇ સિદ્ધસંતનું પ્રાગટય પણ સંભવી શકે છે.**

મહાત્માજીની વાતને પટ્ટણી સાહેબ શાંતિથી સાંભળી



રહ્યા. સહીઓ ઉઘરાવવાનો પ્રસ્તાવ તો પછી ઊભો જ નહોતો રહેતો.

× × ×

દક્ષિણ ભારતના ૩૮ દિવસના યાત્રા પ્રવાસ દરમ્યાન તા. ૨૨ જાન્યુ. ૭૮ (પોષ સુદી ૧૪ ને) રવિવારે મહાત્માજી તથા પૂ. માતાજી સાથેના થોડા અમે સૌ ભાગ્યવાન સહયાત્રી ભાઇઓ-બહેનોએ **તીરુપથી-બાલાજીનાં** દર્શન કર્યાં. અમે સૌએ, દર્શન તાત્કાલિક થાય તે માટે, વ્યક્તિદીઠ પચીશ રૂપિયા મંદિરની ઓફીસમાં ભરી પાસ કઢાવ્યા. અમારે પણ લાઈનમાં જ જવાનું હતું. પાસવાળાની સંખ્યા જૂજ હોય એટલે પંદર વીશ મિનિટમાં જ દર્શન કરી પાછાં ફરી ગયાં.

મહાત્માજી અમારી સાથે દર્શનમાં જોડાયા ન હતા.

દર્શન કરીને મંદિરની ઓફીસ પાસેની ખુલ્લી જગ્યામાં મહાત્માજી આસપાસ અમે ત્રણ ચાર જણ ઊભા હતા. હું ડાબી બાજુએ નજદીકમાં જ ઊભો હતો. મહાત્માજીએ મારી સામે જોઇને કહ્યું કે-હમણાં તાજેતરમાં પ્રધાન-મંત્રી ઇંદિરાજી અહીં આવેલાં ત્યારે મંદિરના મેનેજમેન્ટે એમને માટે તાત્કાલિક દર્શનનો પ્રબંધ કરેલો....**લાઇનમાં ન ઊભું રહેવું પડે અને દર્શનનો તાત્કાલિક પ્રબંધ અમારે માટે થાય તેવું થશે ત્યારે અમે દર્શન કરશું.**

ઉપરના શબ્દો મારી સાથે વાત કરતાં મને ઉદ્દેશીને કહેતા હોય એમ મહાત્માજીએ ઉચ્ચાર્યા હતા. મેં ત્યારે કહ્યું કે—એવા દર્શનનો સમય અવશ્ય ભવિષ્યમાં આવશે. મારાં એવાં ભાગ્ય હોય કે તે સમયે હું આપની સાથે હોઉં.

* * *

મહાત્માજીની આ આર્ષવાણી છે. સમય આવ્યે તેમ

( અનુસંધાન પાનાં ૯ ઉપર )

# દિવાળી અને નવું વરસ

યોગેશ્વરજી

પ્રાતઃસ્મરણીય વૈદિક ઋષિઓએ સંસ્કૃતિના ઉષઃકાળમાં પરમાત્માને પ્રાર્થના કરતાં અંતરના અંતરતમમાંથી ગાયું; "હે પ્રભુ, અમને અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ આપી, જ્ઞાનના પરમ પવિત્ર પ્રકાશમાં લઈ જાવ. तमसो मा ज्योतिर्गमय ॥

જગતની એ જૂનામાં જૂની, નાનામાં નાની, છતાં પણ સૌથી સરસ, સારગ્રાહી, અસરકારક અને અમોઘ પ્રાર્થના.

એ પ્રાર્થનામાં ઋષિએ પોતાના ભાવોને સફળતાપૂર્વક વ્યક્ત કર્યા છે.

પ્રત્યેક માનવ એવી રીતે અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં પહોંચવાની ઇચ્છા રાખે છે. ઝંખના કરે છે. એના માટે કાર્યક્રમ ઘડે છે કે યોજના બનાવે છે. કોઇ એ પ્રકાશને પામી શકે છે તો કોઈ નથી પામતા. કોઈના પ્રકાશની પ્રાપ્તિ માટેના કાર્યક્રમ સફળ થાય છે તો કોઇના નથી થતા. પરંતુ માનવની મહત્ત્વાકાંક્ષા તો એને પામવાની હોય છે જ. એને માટે માનવ મનોરથ કરે છે.

આત્મજ્ઞાનના એ અજવાળાથી, અંતરને અજવાળવાથી જીવન નિર્મળ ને ધન્ય બને છે. પરમાત્માની પરમકૃપાથી, એમની અલૌકિક કૃપા દૃષ્ટિથી, એ અજવાળું સહજ બને. વેદના ઋષિ અજ્ઞાનરૂપી અંધકારની આરાધના નથી કરતા, એવી આરાધનામાં નથી માનતા; પરંતુ આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને એ દ્વારા અંધકારની નિવૃત્તિ માટે પરમાત્માની આરા-



ધના કરે છે. અને પરમાત્મા પરમ પ્રકાશરૂપે છે. જ્યોતિના પણ જ્યોતિ છે. એટલે આપણે જ્યોતિને પૂજીએ છીએ. મંદિરોમાં ને ઘરોમાં દીવા પ્રગટાવીએ છીએ. એ દીવા આપણને અંધકારમાંથી મુક્તિ મેળવવાનો, પરમાત્માની પાસે પહોંચવાનો, કે પરમાત્માને ઓળખવાનો સંદેશ આપે છે.

પરમાત્મા પાસે પહોંચવા માટે પૂરતી તૈયારી કરવી જોઇએ. જીવનને બદલવું જોઇએ. નિર્મળ કરવું જોઈએ. વ્યસનોમાંથી, દુર્ગુણોમાંથી, દુર્વ્યવહારમાંથી છૂટવું જોઇએ. જીવનમાં જુદા જુદા દીવાઓ કરવા જોઇએ. દયાના દીવા, પ્રેમના દીવા, પવિત્ર વિચારો, ભાવો તથા સત્કર્મોના દીવા. સેવાભાવના દીવા. આશા અને શ્રદ્ધાના દીવા. ક્ષમતાના દીવા. વ્રત તથા તપના દીવા. સંયમના દીવા. એટલા માટે જ, એ વસ્તુને યાદ રાખવા માટે જ, દિવાળીના પર્વ દિવસોમાં ઘરમાં અને ઘરની બહાર દીવાઓ કરવામાં આવે છે.

દિવાળીનો દિવસ વિક્રમ સંવતનો છેલ્લો દિવસ હોય છે. બીજા દિવસથી નવું વરસ શરૂ થાય છે. એ દિવસોમાં વહેલા ઉઠીએ, દેવદર્શન કરીએ, સ્વજનોને તથા પૂજ્યજનોને પગે લાગીએ, સારાં વસ્ત્રો પહેરીએ, સારું જમીએ અને સમસ્ત દિવસ પ્રસન્નતાપૂર્વક પસાર થાય તેનું ધ્યાન રાખીએ; પરંતુ એ પછી શું? એ પછી રોજના જીવનને ઘાણીના બળદની પેઠે આંખને બંધ કરીને જીવવાને બદલે વિવેકી બનીને જીવીએ, સારામાં સારી રીતે, આદર્શ માનવને છાજે એવી રીતે જીવીએ ને જીવવાનો આગ્રહ રાખીએ, એ આવશ્યક છે. તો સમસ્ત જીવન નવું બને. દિવાળીનો આનંદ

અનુભવે. એને માટે ઉત્તમ જીવનનો સંકલ્પ કરવાની ને દિલમાં દીવાઓ કરવાની આવશ્યકતા છે. પેલા ભકત કવિએ એ ભાવાર્થમાં કહ્યું છે કેઃ–

દિલમાં દીવો કરો રે દીવો કરો.
કૂડા કામક્રોધને પરહરો રે, દિલમાં દીવો કરો.
દયા, દીવેલ પ્રેમ પરણાયું લાંવો, માંહી સુરતાની દિવેટ વણાવો,
પછી બ્રહ્મ અગ્નિને ચેતાવો.
સાચા દિલનો દીવો જ્યારે થાશે ત્યારે અંધારું મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે.
દાસ રણછોડ ઘર સંભાળ્યું, જડી કૂંચી ને ઉઘડયું તાળું,
થયું ભોમંડળમાં અજવાળું...દિલમાં દીવો કરો.

દિવાળીના દિવસે વિદાય થતા વરસને દીવાઓ કરીને માનપૂર્વક વિદાય આપીએ. એ દિવસે વીતેલા વરસને તટસ્થતાપૂર્વક યાદ કરીને ભૂલોને માટે પશ્ચાતાપ કરીએ. ભૂલોને ફરીવાર ના કરવાનો સંકલ્પ કરીએ, વિકાસની નવી યોજનાઓ બનાવીએ; અને એ પછીના બીજા દિવસે એટલે કે નવા વરસે સૌને હૃદયપૂર્વક નૂતનવર્ષાભિનંદન કહીને સુખશાંતિ સમૃદ્ધિ ઇચ્છીએ, નાનામોટા રાગદ્વેષને દૂર કરીએ, સ્નેહસંપ સેવાભાવ સહકારને વધારવાના સંકલ્પ કરીએ; અને નવા વરસને ઉરના ઉમળકાથી દીવા કરીને સત્કારીએ. યાદ કરીએ અને યાદ કરાવીએ કે આપણું જીવન પરમ પ્રકાશરૂપી પરમાત્માને પામવા કે ઓળખવા માટે અને બીજાના જીવનમાં પ્રકાશ પ્રગટાવવા માટે છે. દિવાળી ને નવા વરસના પર્વ દિવસો તો જ સફળ કે સાર્થક બની શકે. જગત વધારે સારું, શાંતિમય અને આદર્શ બને.



# યાત્રાનો એક દિવસ

—મા સર્વેશ્વરી

મે માસના પૂ. શ્રીના સાંનિધ્યમાં દશમી ધ્યાનસાધના શિબિર થઇ. તેમાં ગંગોત્રી યાત્રાની વિચારણા થઇ.

માર્ચમાં અમારા માતુશ્રીએ અંતિમ વિદાય લીધી, ત્યારે તેમનાં અસ્થિને ગંગામાને ચરણે પ્રવાહીત કરવાની મારી ભાવના ગંગોત્રી યાત્રામાં પરિણમી.

અસ્થિવિસર્જનની એ ભાવનામાં અમારા પરિવારના સભ્યો તથા વડોદરાથી શ્રીજીતુભાઇ પણ જોડાયા. પરિણામે બે ગાડી એ યાત્રામાં જોડાઈ.

તા. ૨૨ મી મેના રોજ વડોદરાથી એ યાત્રા શરૂ થઇ. યાત્રા સારી થશે, સલામત બધા ઘર પહોંચશે એવા આશીર્વાદ પૂ. શ્રીને પરમશક્તિ પાસેથી મળી ગયા હતા.

વડોદરાથી નાથદ્વારા થઇ આગળ વધ્યા તે દિવસની નોંધ આ રહી.

તા. ૨૩/૫/૮૩ સોમવાર વૈશાખ સુદ બારશ ૨૦૩૯
સ્થળ : શ્રીનાથદ્વારા થી કિસનગઢ

સવારે સાડા છ વાગ્યે યાત્રા આગળ વધવાની હતી પરન્તુ મંદિરે દર્શન કરનાર મંડળી મોડી આવી, જેથી ૭–૪૫ કલાકે યાત્રા શરૂ થઈ. માર્ગમાં ચાલુ ગાડીએ ગીતાનો ૧૨મો, ૧૫મો અધ્યાય, વિષ્ણુસહસ્રનો પાઠ, શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અને છેવટે યોગેશ્વર બાવનીનો સમૂહ પાઠ થયો.

અને દશવાગ્યે ભીમ નામનું એક સ્થળ આવ્યું. ત્યાંના રેસ્ટહાઉસમાં બે વરસ પહેલાં અમે ઉતારો કર્યો હતો. આજે ત્યાં વિશ્રામ કરવાનો સમય ન હતો જેથી

આગળ ચાલ્યા ને બીયાવર શહેર જયારે ત્રેવીસ કિલોમીટર દૂર રહ્યું ત્યારે અમારી એક ગાડી બગડી. લગભગ ત્રણચાર કલાક તેના સુધાર માટે થશે એવું લાગ્યું, પરન્તુ જ્યાં ગાડી બગડી હતી ત્યાંજ થોડે દૂર અંદરના ખેતરમા કેરીઓથી ભરેલું આમ્રવૃક્ષ ને કુવો પણ હતો, જેથી પૂ. શ્રીએ એ સમય દરમ્યાન વિશ્રામ કરવાની અને બપોરનો સમય થયો હોવાથી ખેતરમાં બને તો ખીચડીનું ભોજન બનાવવાની ઈચ્છા વ્યકત કરી. તેથી થોડીજ વારમાં ગાડીમાંથી એ અંગે-ની વસ્તુ, વાસણ, શેતરંજી વિ. સામાન કાઢયો.

ત્યાં તો નાના ત્રણેક વિદ્યાર્થીઓ મદદમાં આવ્યા ને સામાન ત્યાં ખેતરમાં લઈ જવા મદદ મળી.

પ્રથમ તો ખેતરમાં જઈ પથ્થર શોધ્યા નાનીનાની પાતળી સળીને આંબાની સૂકી પાતળી ડાળીઓ શોધી કાઢી.

ત્રણ પથ્થરોનો ચુલો બનાવી દીધો. પૂ. શ્રી એ મંત્રોચ્ચાર સાથે પથ્થરો પર પાણી છાંટી ચુલાને પવિત્ર સ્વચ્છ કરવાનું પ્રથમ કાર્ય કર્યું. પછી તુવેરની દાળને ચોખા ભેગા કરી પૂ. શ્રીએ ચુલા ઉપર તપેલી ચઢાવી. અને ખીચડીને પાકતા લગભગ એક કલાક થયો. અંતે ખીચડીની સાથે કેરીના મુરબ્બાનું ભોજન ત્યાંજ બેસીને લીધું. સૌને પણ તે ખીચડી ચાખવા મળી.

ગાડી બગડી તેમાં પણ પ્રભુકૃપા માની પૂ.શ્રીએ ખૂબ આનંદથી ખીચડી બનાવતાં બનાવતાં શ્રી બાલાશંકર કંથા-રીયાનું પેલું પ્રસિદ્ધ કાવ્ય ગાવા માંડયું અને વિવિધ વાતો કરતાં કરતાં સૌને હાસ્યરસ પીરસ્યો.

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારૂ પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે.

વળી તુવેરની દાળ ચઢતાં વાર લાગશે એવી એક સૂચના-



ના ઉત્તરમાં પૂ.શ્રી યોગેશ્વરજીએ સરસ બોધપ્રદ વાતો કરી.

એમણે કહ્યું : કોઈપણ મારે શરણે આવે તેને આગળ જ ચઢાવું છું. ગમે તેવા કાચા સાધકને પણ પાકા કરી દઉં છું. તો આ તો તુવેરની દાળ છે. ચઢી જશે.

અમે દેવપ્રયાગની કુટિયામાં આ રીતે જ દરરોજ ભોજન બનાવતા. લાકડા ભીનાં હોય ચોમાસુ હોય એટલે ધુમાડા જ નીકળે. છેવટે કંટાળીએ. કાચું જ રહે જેથી પ્રેમપૂર્વક નદી-માં પધરાવીએ અને કાચા જ ચોખા ચાવીને શાંતિથી પ્રભુ-નામ લઈએ.

આ વાત કરતા કરતા ગાવા લાગ્યા.

(૧) તું રામસુમીર જગ લડવા દે
કોરા કાગજ કાલી શાહી
પઢત લિખત વાંકો પઢવા દે—
(૨) પ્રભુ અંતર્યામી જીવન જીવના દીનશરણા.

ભોજન બાદ ખેતરમાં જ નાનકડી શેતરંજી ઉપર વિશ્રામ કર્યો. સાથેના સૌએ પાસેના શહેરમાં જઈ ભોજન લીધું. ને યાત્રા ત્રણ વાગ્યે ફરીથી શરૂ થઈ.

પેલા નાનકડા ત્રણ વિદ્યાર્થીઓની મદદ માટે તેમને બક્ષિસ આપી. ખેતરના માલિકને પણ યોગ્ય બક્ષિસ આપી અમે ત્યાંથી વિદાય લીધી.

સાંજે અજમેર આવ્યું. ઉતરવાની વ્યવસ્થા જોતા હતા ત્યાં જ પૂ.શ્રીએ કહ્યું કે 'આગળ ચાલો કિસનગઢ' અને ગાડી આગળ ચાલી. સાત વાગ્યે કિસનગઢ આવી ગયા. સરકારી રેસ્ટહાઉસમાં ઉતરવાની યોજના હતી. જેથી પૂ.શ્રી ત્યાં ગાડી ઉભી રહી એટલે નીચે ઉતરી ગયા તપાસ કરતાં જણાયું કે રેસ્ટહાઉસમાં જગ્યા નથી. એ વાત સાંભળી પૂ. શ્રીએ કહ્યું. અહીં ઉતર્યા એટલે રહેવાનું જ. આગળ નથી

જવાનું. એમ કહી પૂ.શ્રી ત્યાં મેદાનમાં આંટા મારવા લાગ્યા.

ફરી તપાસ કરી તો થોડીજ વારમાં કિસનગઢની એક મીલના રેસ્ટહાઉસમાં ઉતરવાની સગવડ મળી ગઇ. ગુજરાતના સરકારી અમલદાર તરીકે શ્રી મોહનલાલના પ્રયત્નથી સરસ ઉતારો મળી ગયો. એ સમાચાર મળતાં જ પૂ.શ્રી બોલી ઉઠયા. જગદંબાએ અજમેરથી કહેલું કે ચાલો કિસનગઢ. ત્યાં બધી વ્યવસ્થા કરીશું

પૂ.શ્રી.ની પાછળ જે શકિત કાર્ય કરી રહી છે તેમાં જેને વિશ્વાસ છે તેવીજ વ્યકિતઓ ત્યાં હતી. જેથી એ વાતને આનંદથી વધાવી લીધી.

રેસ્ટહાઉસમાં સરસ સગવડ હતી તેથી જ તો પૂ.શ્રીએ રેસ્ટહાઉસમાં રસોડામાં ચોખાની કણકી બનાવી. તે દૂધસાથે ભોજનમાં લીધી. દૂધ સારૂ હતું જેથી સંતોષ થઈ ગયો.

રાત્રે ૧/૨ કલાક સત્સંગ થયો. શરૂઆતમાં પૂ.શ્રીએ "હે જગત્રાતા, વિશ્વવિધાતા હેસુખ શાંતિનિકેતન હે' પ્રાર્થના ગવડાવી.

અને એ પ્રાર્થનાને સમજાવતાં પૂ.શ્રીએ કહ્યું:–

પ્રાર્થનાઓ બે પ્રકારની હોય છે. માંગણી વાળી અને માંગણી વિનાની. કેટલાંક માને છે કે ભગવાન્ પાસે જે જે માંગવું હોય તે માંગી જ લેવાનું. તો કેટલાંક એમ માને છે કે ભગવાન્ તો બધુ જાણે જ છે. એટલે આપણે માંગવુ જ નહીં જરૂર હશે તો ભગવાન્ આપશે.

પણ ભગવાનનો સ્વભાવ જેમ જાણવાનો છે તેમ જીવનો સ્વભાવ જણાવવાનો છે. આપણે જે જરૂરી છે તે ભગવાનને જણાવવું જોઈએ.

આજે આ પ્રાર્થના ગાઇ તેમાં પ્રભુના જુદાં જુદાં નામો છે. એ નામો જ એવાં છે કે એમાં માંગણી આવી જ જાય છે.

હે જગત્રાતા એટલે હે જગતનું રક્ષણ કરનાર. તો એ



નામોમાં જગતનું રક્ષણ કરનારા મારું રક્ષણ કરજો એવો ભાવ આવીજ જાય છે.

વળી આપણી જરૂરિયાતો જેટલી ઓછી એટલું જ સુખ, અમે એક જ જોડ ચંપલથી ચલાવીએ. એક જોડી સાથે રાખીએ, એક તૂટે તો બીજી તરત કામ આવે. અરે અમને મેટ્રીક સુધી તો ચંપલની જરૂરિયાત જ ન લાગેલી. વળી હિમાલયમાં પણ તેનો ઉપયોગ જ ન કરેલો.

એક વાત સૌએ ખાસ યાદ રાખવા જેવી છે કે પ્રભુ જે કરે તેમાં કૃપા જ જોવી. આજે રસ્તે મોટર બગડી તો તે પણ પ્રભુની કૃપા જ. ત્યાં જ સરસ છાંયડો મળી ગયો તો તે પણ પ્રભુકૃપા. વિદ્યાર્થીઓની મદદ મળી તો કૃપા. ભોજન મળ્યું કૃપા. સરકારી રેસ્ટહાઉસમાં જગ્યા ન મળી તો પ્રભુકૃપા. મીલના રેસ્ટહાઉસમાં જગ્યા મળી કૃપા. કૃપા. કૃપા. કૃપા ને કૃપા જ જોતા શીખીએ તો જીવનમાં આનંદ આનંદ આનંદ.

વળી આજે આટલે પહોંચી જ જવુ એવા સંકલ્પો પણ ન કરવા. સંકલ્પો દુ:ખદાયક હોય છે. જેથી કોઇ સંકલ્પ જ ન કરવો. બધું જ પ્રભુ પર છોડી દેવું તે જે કરે તે મંગલ જ એમ માની બહુ સંકલ્પો કરવા જ નહીં.

હવે કરો વિશ્રામ. કાલે સવારે ૬–૩૦ વાગે નીકળવાનું છે. પૂ.શ્રી.ના આદેશ મુજબ સૌ પ્રણામ કરી વિદાય લે છે.

યાત્રામાં રાત્રે જયાં પણ વિશ્રામ હોય ત્યાં પૂ.શ્રી પોતાના કપડાં જાતે જ ધોઈ નાંખે છે. સ્નાન સાથે કપડાં ધોઇને જ બહાર નીકળે છે. કપડાં ધોવાની સેવા માંગવામાં આવે તો હસતા હસતા જણાવે કે મારાથી બહુ જપ તપ થતા નથી ને પાછુ મારા કપડાં ધોવાનું પૂણ્ય કોને આપું !

અમદાવાદથી લગભગ ૫૬૭ કિલોમીટરની મુસાફરી કરીને કિસનગઢમાં આરામ કર્યો.

## ત્યાગ

સંસારીએ ત્યાગ કર્યો.
ધન છોડયું ઘર છોડયું કુટુંબ છોડયું,
નામ છોડયું ઠામ છોડયું, વેશ બદલ્યો.
પર્વતની એકાંત ગુફામાં વૃક્ષોની વચ્ચે વાસ કર્યો.
નીચે નાની નદી. ઉપર પુષ્પો તથા વૃક્ષોની પંક્તિ,
આકાશ.
ગામથી પર્વત પાસેજ હતો.
રોજે સાંજે ટ્રેનના ટાઇમે ગુફાની બહાર
બેસવાનું શરૂ કર્યું,
પ્રતીક્ષા કરવા.
દિવસો વીતી ગયા—નિરાશા થઇ.
એ બબડ્યો, દુનિયા કેવી છે ?
કોઇ સંબંધી સ્વજન મળવા, ખબર પૂછવા
આવતુંજ નથી.
એની આંખમાંથી આંસુ સરી પડ્યું.
ઈશ્વરને થયું, મારી પ્રતીક્ષા તો આ કરતોજ નથી,
મારે માટે તો રડતોજ નથી;
મળવા જવું હોય તોય કેવી રીતે જઉં ?

યોગેશ્વરજી



## બાજી

મનવાજી ! તમે કેમની ખેલશો બાજી ?
જિન્દગી ટૂંકી ને ઝંઝટ ઝાઝી.... મનવાજી !

જાગી ગયા હો તો જાગતા રે'જો
ને વ્હેતા સંસારમાં કદી ન વ્હેજો.
મધુરીવાણી સૌ કોને કહેજો
ને દીન દુઃખિયાનાં દુઃખડાં લેજો.
કોઈના બનશો કદી ન કાજી
જિન્દગી ટૂંકી ને જંજાળ ઝાઝી... મનવાજી !

આપણે ભલા ને રામજી ભલા,
ભલમનસાઈની ખીલવો કળા;
આફુડી દૂર થશે સૌ બલા :
ને જાયેગા સબ સંસાર જલા !
સૌના ભલામાં સદાય રાજી
જિન્દગી ટૂંકી ને ઝંઝટ ઝાઝી
મનવાજી ! એમની ખેલજો બાજી... મનવાજી !

ડા રણજિત પટેલ (अनामी)

## " કેશવની કૃપા "

જ્યારે જગમાં કેશવની કૃપા થાય છે રે;
  ત્યારે સંકટ સર્વ ટળી જાય છે રે! જ્યારે૦
કાંટા મારગના ફૂલ બની જાય છે રે;
  હોય વેરી, વહાલા બની જાય છે રે! જ્યારે૦
પાસા અવળા તે, સવળા થઈ જાય છે રે;
  સાનુકૂળ સમીર સદા વાય છે રે! જ્યારે૦
યશોગાન એનાં સઘળે ગવાય છે રે;
  કોટ કીર્તિના ચોમેર ચણાય છે રે! જ્યારે૦
હોય વિષ, સુધામાં પલટાય છે રે;
  બાજી હારેલી જગમાં જીતાય છે રે! જ્યારે૦
આગ સુખડ સમી શીતળ થઈ જાય છે રે;
  ચારે કોર મંગલ વરતાય છે રે! જ્યારે૦
વિજય-ડંકો દશ દિશામાં વગડાય છે રે;
  પૂરણ પ્રીત 'જગદીશ' વિષે થાય છે રે! જ્યારે૦

—જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



# જીવન પાથેય

સૂર્યકાંત લ. ભટ્ટ

સ્વર્ગસ્થ પૂજ્ય જ્યોતિર્મયી મા, ભાવનગરમાં પથારીવશ હતાં અને પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો તેમનાં ઉતારાના સ્થળ પરના ચોગાનમાં–સરદારનગર–ભાવનગરમાં ચાલતાં હતાં, ત્યારનો એક સરળ પ્રસંગ છે.

એક સાધકભાઇ શ્રી...એ લ્યુના ખરીદેલ. એટલે લ્યુનાને પૂજ્ય શ્રી જોઇ તેના પર હાથ મૂકે એટલે પ્રસાદીરૂપ બને તેવી મંગલ ભાવનાથી તેઓ, પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરી પાસે આવ્યા અને પોતે લ્યુના ખરીદેલ તેની વાત કરી. પૂ. શ્રીએ લ્યુના સામે જોયું, સીટપર હાથ મૂકયો અને પછી સ્નેહસભર આંખે તેમની તરફ જોયું અને પ્રેમ નીતરતી વાણીમાં કહ્યું " સરસ-જુઓ તમે આ સાધન વસાવ્યું એટલે તમને આનંદ થયો. મને પણ આનંદ થયો. આના પર હાથ મૂકયો એટલે તે પ્રસાદરૂપ બન્યું પરંતુ ત્રણ વસ્તુ ધ્યાનમાં રાખજો (૧) હેડલાઇટ પર પ્રભુનું નામ લખાવજો જે તરફ સતત ધ્યાન રહે (૨) કોઇને ઓવરટેક કરી આગળ જવાનો પ્રયત્ન ન કરશો. (૩) જરૂર કરતાં વધુ ગતિએ વાહન ચલાવશો નહીં; બ્રેક કાબૂમાં રાખશો અને આટલું ધ્યાનમાં રાખશો અને પાળશો તો મારા આશિષ છે કે એકસીડન્ટથી બચશો અને તમે સાધન વસાવવાનું ધ્યેય સિદ્ધ કરશો." આટલું કહીને પૂજ્ય શ્રી હસતાં હસતાં ઉતારાના ઓરડા તરફ ગયા. આ પછીથી પૂ. શ્રી સર્વેશ્વરી માએ 'લ્યુના' પર બેસીને થોડુંક ચલાવ્યું અને કહ્યું "લાઇટના આગળના ભાગ પર (હેડલાઈટ પર)

શ્રી યોગેશ્વરાય નમઃ ।–એવી રીતે લખાવશો કે જેથી સીટ પર બેસતાં તમે તે બરાબર વાંચી શકો અને તમારું ધ્યાન તે તરફ રહે. અલબત્ત આજુબાજુનું ધ્યાન તો રાખવાનું જ, નહીંતર અથડાઈ પડાય.” અને સૌ મુક્ત મને હસી પડયાં.

સામાન્ય રીતે આવા પ્રસંગે કોઈ આશીર્વાદ ‘ આવું ખૂબ મેળવો, ખૂબ વસાવો, સુખી થાવ, ધનં ધાન્યં બહુ પુત્ર લાભમ્ ।’ જેવો આશીર્વાદ ન આપતાં પૂ. શ્રીએ શરતી આશીર્વાદ કેમ આપ્યો તેનું આશ્ચર્ય થયું અથવા તો પૂ. મહાત્માજીએ આમ શામાટે કહ્યું તેનો વિચાર કરતો રહ્યો.

વિચાર કરતાં થયું ‘ ઓહોહો–આ સાદી દેખાતી વાત-માં પૂ. શ્રીએ જીવનસાર બતાવી દીધો હતો. મને તે આમ સમજાયું.

લાઇટ પર–પ્રકાશકેન્દ્ર–જીવનકેન્દ્ર હૃદય પર પ્રભુનું નામ લખાવવું; જેનું સતત સ્મરણ રહે તો પ્રકાશ–પ્રકાશજ મળશે. જીવન પ્રકાશમય બનશે. અને આ નામ સ્મરણ તરફ સતત લક્ષ આપશો ‘ નામ તમે વાંચી શકો તેમ લખાવજો.’ પૂ. માએ કહેલ એટલે કે તમારાં નામ જપની જાહેરાતની જરૂર નથી. અંતર્મુખી બનજો. નામ તમારે સ્મરણમાં રાખવાનું છે. બીજાને દેખાડો કરવાનો નથી. તેવો ભાવ અભિપ્રેત થતો.

‘ કોઇને ઓવર–ટેક કરવાનો પ્રયત્ન ન કરશો એટલે કે તમારી પાસે સાધન છે, શક્તિ છે, સંપત્તિ છે એટલે કોઇને ય પાછળ રાખી દઈ-શકિત–સંપત્તિનો દુરૂપયોગ કરશો નહીં. કોઇને Neglect કરશો નહીં.

‘ જરૂર કરતાં વધુ ગતિએ વાહન ચલાવશો નહીં, બ્રેક કાબુમાં રાખશો ’ થી એમ સૂચવવાનું હતું કે જપની ગતિ



એકદમ તીવ્ર ન હોવી જોઇએ તે અત્યંત જરૂરી છે; પરંતુ એટલું ગતિશીલ નહીં કે અથડાઈ પડાય. ‘ બ્રેક ’ કાબૂમાં રાખજો ‘ જીવનમાં સંયમ–વાણીનો સંયમ–આચરણમાં સંયમ વિચાર પૂર્વક કાર્ય કરવું તેવો ભાવ અભિપ્રેત હતો.

અને “ આટલું ધ્યાનમાં રાખશો અને પાળશો તો મારા આશિષ છે તેમ સાધન વસાવવાનું ધ્યેય સિદ્ધ કરશો. ” જીવનમાં પ્રભુ સ્મરણ, સાક્ષીભાવ; કોઈના હક્ક પર તરાપ મારી આગળ ન આવવાની વૃત્તિ કેળવવી, સંયમ રાખવો. જો કોઇ આટલું કરે તો સાધન–શરીરરૂપી સાધન ઉર્ધ્વગતિ કરવા માટે મળેલ છે તેનું ધ્યેય–પ્રભુ પ્રાપ્તિનું ધ્યેય–સિદ્ધ કરી શકાય. અને આમ જીવન જીવનાર પર સંતોના આશિષ ઊતરે છે. પૂ. માએ ચતુરાઈપૂર્વક ઊમેરેલ “ આજુબાજુનું ધ્યાન રાખીને વાહન ચલાવવું નહીંતર અથડાઈ પડાય. ” ગૃહસ્થીઓ માટે આ બહુ મહત્ત્વની વાત છે. જીવનનું લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ છે–તે તરફ સતત લક્ષ આપવાનું જ છે–છતાં સમાજ અને જીવન વ્યવહારને પણ ગૃહસ્થીઓએ લક્ષમાં લઈને પોતાનું વાહન ચલાવવાનું છે. નહીંતર અથડામણ ઊભી થાય–સંઘર્ષ થાય.

સરળ જણાતો આ સંવાદ આમ તો અનેકરૂપે મૂલવી શકાય તેમ છે. સંત પુરુષોની સામાન્ય દેખાતી વાતોમાં આવા અનેક ગૂઢાર્થો ભરેલા હોય છે–અનેક રીતે વિચારણીય હોય છે અને જીવન પાથેય પ્રદાન કરતા હોય છે.

# શ્રીમદ્ ભાગવત સુધા (૭)

પ્રા. જનાર્દન દવે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાનનાં ઘણાં નામો વારંવાર સ્મરવામાં, ગાવામાં આવ્યાં છે. શ્રીમદ્ ભાગવતના પ્રધાન દેવ શ્રીકૃષ્ણ છે. એ તો સૌ સ્વીકારે છે પણ સમગ્ર ભાગવતમાં શ્રીકૃષ્ણનું નામ લેવામાં આવ્યું છે તેથી અનેકગણી વધુ સંખ્યામાં 'હરિ' નામ તેમાં લેવામાં આવ્યું છે. હરિ, વાસુદેવ, અચ્યુત, કૃષ્ણ, નારાયણ આ બધાં નામો એક જ સનાતન બ્રહ્મ તત્ત્વનાં છે એમાં કોઇ ખેંચતાણ નથી પણ મહર્ષિ વ્યાસ ભગવાને શ્રીમદ્ ભાગવતમાં તો હરિ નામનો જ સૌથી વધુ ઉપયોગ કર્યો છે. કેટલાક શ્લોકો તો બહુ સુંદર છે. માહાત્મ્ય ભલે પદ્મ પુરાણનું છે પણ

हरिर्हि साध्यते भक्त्या प्रमाणं तत्र गोपिकाः

શ્રી હરિ તો ભક્તિવડે જ પ્રાપ્ત કરી શકાય છે તેમાં શ્રી ગોપીજનો પરમ પ્રમાણ છે.

પ્રથમ સ્કંધના પહેલા અધ્યાયમાં જ મહર્ષિ શૌનક છ પ્રશ્નો પૂછે છે તેમાં જ

अथाख्याहि हरेर्धीमन् अवतारकथाः शुभाः ।
लीला विदधतः स्वैरं ईश्वरस्यात्ममायया ॥

ઈશ્વર પોતાની માયાવડે સ્વ ઇચ્છાએ કરીને લીલાઓ કરે છે તેવા હરિની શુભ અવતાર કથાઓ અમને હે ધીમાન્, સંભળાવો.

નારદજી ભગવાન વેદવ્યાસને પોતાના પૂર્વજન્મનું



વૃત્તાંત સંભળાવીને ચરિત્ર સમાપ્ત કરતાં પ્રથમ સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં

देवदत्तामिमां वीणां स्वरब्रह्मविभूषितां ।
मूर्छयित्वा हरिकथां गायमानश्चराम्यहम् ॥

ભગવાને પોતે આપેલી આ દેવદત્તા નામની સ્વરબ્રહ્મથી વિભૂષિત વીણા પર હરિકથાનું ગાન કરતો હું વિચર્યા કરું છું. એ જ અધ્યાયમાં નારદજી બોલ્યા છે–

एतद् हि आतुरचित्तानां मात्रास्पर्शेच्छया मुहुः ।
भवसिन्धुप्लवो दृष्टः हरिचर्यानुवर्णनम् ॥

ઇંદ્રિયોના વિષયોથી વ્યાકુલ ચિત્તવાળા લોકોને સંસાર સાગર તરવા માટે શ્રી હરિનાં ચરણોનું વારંવાર વર્ણન જ હોડીરૂપ છે.

સાતમા અધ્યાયમાં સૂતજી વર્ણવે છે કે

आत्मारामश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्ति इत्थंभूतगुणो हरिः ॥

શુકદેવજી જેવા આત્મસ્વરૂપમાં રમણ કરવાથી તૃપ્ત અને સમસ્તગ્રંથીઓથી રહિત થયેલા મુનિઓ પણ ભગવાનની અહૈતુકી ભક્તિ કરે છે ખુદ ભગવાન હરિમાં જ આવા આકર્ષનારા ગુણો છે કે ભક્તિ કરવા પ્રેરે.

हरेर्गुणाक्षिप्तमतिः भगवान् बादरायणिः ।
अध्यगान्महदाख्यानं नित्यं विष्णुजन प्रियः ॥

શ્રીહરિના ગુણોથી આવેશ પામેલી મતિવાળા ભગવાન શુકદેવજી વૈષ્ણવોને નિત્ય પ્રિય એવું આ ભાગવત શાસ્ત્ર ભણ્યા.

અર્જુન ભગવાન સાથે દ્વારકા પધારેલા પણ સાત માસ થઇ ગયા. એમના સમાચાર નથી. આ બાજુ રાજા યુધિષ્ઠિર-

ને અનેક અપશકુનો થાય છે-તેઓ ભીમને બોલાવી તેની પાસે પોતાની વ્યાકુળ મનઃસ્થિતિ વર્ણવે છે એટલામાં હતપ્રભ અર્જુન આવે છે ને મોટાભાઈનો ચરણસ્પર્શ કરતાં રડવા લાગે છે.

યુધિષ્ઠિર તેનાં રુદનના કારણો પૂછતાં મુશ્કેલીએ સ્વસ્થ થયેલા અર્જુન હથેળીથી નેત્રો લૂછી ભગવાનના પરમધામ ગમનની, યદુકુલ સંહારની અને પોતાનું તેજ હરાઇ ગયાની વાત કરતાં કહે છે

वञ्चितोऽहं महाराज हरिणा बन्धुरुपिणा ।
येन मेऽपहृतं तेजो देव विस्मापनं महत् ॥

બંધુરૂપ એવા હરિએ શિવજીને પણ વિસ્મય પમાડનારું મારું તેજ હરી લઇ મને છેતર્યો છે, અર્થાત્ મને મૂકી પરધામ પધાર્યા છે.

પરીક્ષિતે બ્રહ્મર્ષિઓની સભામાં બે પ્રશ્નો પૂછયા–એટલામાં શુકદેવજી ત્યાં પધાર્યા. તેમનો મહિમા જાણનારા સૌ ઋષિઓ પોતપોતાનાં આસનો પરથી ઊભા થઇ ગયા. પરીક્ષિતે પણ તેમને અભિવંદી સત્કાર્યા, મહાર્હ આસન પર પધરાવ્યા અને પોતાના અગાઉના બે પ્રશ્નો પોતે ઋષિવરનો કરેલો અપરાધ વર્ણવી પૂછયા તેમાં મનુષ્યોએ શેનો જપ કરવો, કોનું કીર્તન કરવું, શું સાંભળવું એવો લોકો પર અનુગ્રહ કરીને પ્રશ્ન પૂછયો અને બીજો પ્રશ્ન જેનું મૃત્યુ સમીપમાં છે તેણે શું કરવું એમ પોતાને અનુલક્ષીને પૂછયો. ત્યારે દ્વિતીય સ્કંધના પહેલાજ અધ્યાયમાં રાજાનો લોક હિતકારી પ્રશ્ન સાંભળી તેને અભિનંદન આપતાં મનુષ્યોનાં પરમ કલ્યાણને માટે પોતાનો અનુભવ સિદ્ધ નિચોડ આપતાં ભગવાન શુકદેવજી આજ્ઞા કરે છે કે



तस्माद् भारत सर्वात्मा भगवान्हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताभयम् ॥

અભયપદની ઇચ્છાવાળાએ તો હે ભારત, સર્વાત્મા ભગવાન શ્રીહરિજ શ્રવણ કરવા યોગ્ય, કીર્તન કરવા યોગ્ય અને સ્મરણ કરવા યોગ્ય છે, સ્વધર્મના આચરણ પૂર્વકના સાંખ્ય (જ્ઞાન) અને યોગ (કર્મયોગ)નાં આચરણથી જન્મ લીધાનો પરમલાભ તો અંતે નારાયણનું જ સ્મરણ છે.

प्रायेण मुनयो राजन् निवृत्ता विधिशेषतः ।
नैगुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः ॥

સર્વ પ્રકારનાં વિધિનિષેધોથી યે પર થઇ ગયેલા અને નિર્ગુણ બ્રહ્મમાં રમણ કરતા સંતો પણ શ્રીહરિનાં ગુણાનુવાદમાં સતત રહ્યા કરે છે.

એવું લાગે છે કે બ્રહ્માકારવૃત્તિ થયા પછી પણ આવા બ્રહ્મરૂપ સંતો કાં લોકસંગ્રહને માટે અથવા દેહની સ્થિતિ રહે ત્યાં સુધી સાધન ભજન કર્યા કરતા હોય છે. અંદરથી અદ્વૈત ભાવમાં રમણ કરતા આ સંતો છેવટે લોકશિક્ષણ માટે પણ થોડું કાલ્પનિક દ્વૈત દેખાડીને ય સતત ભગવાનનાં સ્મરણ, ગુણાનુવાદ અર્ચન ઇત્યાદિ સાધનો આચરતા દેખાય છે. સાક્ષાત્ ઈશ્વરરૂપ શ્રીમન્નથુરામ શર્મા આચાર્ય ભગવાન પણ નિત્ય ત્રિકાળસંધ્યાવંદન, દક્ષિણામૂર્તિ સ્તોત્ર પાઠ, જપ સ્વાધ્યાય અને યોગચર્યા સ્વયં આચરીને બીજાને પ્રબોધતા. ગુરુદેવ નાથ ભગવાનને કોઇએ પૂછેલું "અમે તો સંધ્યા ગાયત્રી સાધન કરીએ, અમારો તેમાં સ્વાર્થ છે પણ આપ શા માટે અમને સૌને વારંવાર "સંધ્યા કરો છો ને ? એમ પૂછો છો ? આપને શો સ્વાર્થ ?" ત્યારે પ્રભુશ્રીએ કહેલું, "અમે એવા સ્થાન પર બેઠા છીએ કે લાખ વાર તમને પૂછવું પડે તો કંટાળો આવ્યે ન ચાલે."

# એક અલૌકિક દર્શન

દક્ષા એમ ભટ્ટ

"મહાપુરુષો ને સંતો પોતાની હયાતી દરમ્યાન કે દેહાવસાન પછી પણ શ્રદ્ધાળુ ભક્તોને દર્શન આપી પોતાના દિવ્ય અલૌકિક સૂક્ષ્મ અસ્તિત્વની અનુભૂતિ કરાવે છે"

મેં પણ આવું સાંભળેલું.

મારા ગુરુ નારેશ્વરના સંત પ. પૂ. શ્રી રંગ અવધૂતજી વિષે પણ ઘણા ભક્તો તરફથી મેં આવી વાતો સાંભળેલી. એ સાંભળીને મારા શ્રદ્ધાળુ હૃદયમાં પણ થતું કે પૂજ્ય ગુરુદેવ શું અમનેય દર્શન આપે ખરા ! વળી મનમાં થતું સાચા દિલથી પોકારીએ–યાદ કરીએ–તો જે સમર્થ ગુરુ છે તે શું કરવા ન સાંભળે ! શું કરવા દર્શન ન આપે ?

થોડાં વર્ષો પહેલાં પૂ. ગુરુદેવની જયંતીનો દિવસ હતો. ગુરુજીએ તે વખતે ભૌતિક શરીર છોડી દીધેલું. છતાં અમો સહુને ગુરુદેવના દર્શનની ઈચ્છા મનમાં જાગ્યાં કરતી. એટલે અમે સવારથીજ ગુરુદેવને યાદ કરી ઘરનાં સર્વે બેસી પ્રાર્થના કરી. ભાવપૂર્વક ગુરુદેવની સ્તુતિ કરીને અરજ ગુજારી 'હે ગુરુદેવ, તમારાં દર્શન પામી શકીએ એટલી બધી અમારી શ્રદ્ધાભકિત નથી, છતાં આપ કરૂણા કરી દર્શન આપો એવી અંતરના અંતરતમમાંથી અમારી પ્રાર્થના છે. પ્રભુ કૃપા, કરજો."

આ પ્રાર્થના પછી કોણ જાણે મારા અંતરમાં ઊંડે ઊંડે શ્રદ્ધા હતી કે ગુરુદેવ આજે જરૂર દર્શન આપશે.

આમ કરતાં સાંજ ઢળવા આવી



ઘરનાં બીજાં સભ્યો બહાર ગયાં. ને ઘરમાં હું ને મારી નાનીબેન બે રહ્યાં, મારા હાથ ઘરકામ કરતા હતા, પરંતુ મારૂં અંતર તો ઘરના દરવાજે ટીંગાઇને ગુરુદેવના આગમનની પ્રતીક્ષા કર્યા કરતું હતું. એટલે વારે વારે મારી દૃષ્ટિ ઘરના દરવાજા તરફ ગયાં કરતી.

બહાર સંધ્યા ઢળવા આવી હતી. દૂર મંદિરોમાં સાયં આરતીનો ઘંટારવ સંભળાતો હતો. મનમાં થયું કે હવે શું ગુરુદેવ આવશે ખરા ? સ્થિતિ દોલાચલ હીંચકાની જેમ –ઝોલાં ખાતી હતી. ત્યાં અચાનક ? મારા કાને શબ્દો પડ્યા...'જય ગુરુદેવ દત્ત' 'જય ગુરુદેવ દત્ત,' 'જય ગુરુદેવ દત્ત.'

હું સફાળી ઘરમાંથી દ્વાર ઉપર દોડી આવી !

મેં જોયું તો એક જટાધારી મહાપુરુષ ઘરના દરવાજામાં ભિક્ષા લેવા માટે ઊભા હતા. એમની દૃષ્ટિ મારા ઉપર પડતાં જ મારૂં હૃદય ભાવ વિભોર બની ગયું ! મને ખૂબ આનંદ થઈ ગયો ! ને આનંદના અતિરેકમાં હું જાણે બધું જ બાહ્યભાન ભૂલી ગઇ. મેં તે સંત પુરુષને ન તો ઘરમાં આવવા કહ્યું કે ન તો હું તેમની સાથે વાત કરી શકી. મારી આંખ જાણે ધન્યતા અનુભવી ટપકી રહી !

આમ બેત્રણ મિનિટ વહી ગઈ.

મને થયું અરે ! મહારાજ તો ભિક્ષા લેવા ઊભા છે ને હું મુર્ખી તો આમ જ ઊભી છું !

કોઈ અગમ્ય પ્રેરણાથી મારા પગ યંત્રવત ઘરમાં ગયા. ને હું તલના લાડવા ને થોડા ચોખા લઇને આવી.

સંતપુરુષે પોતાનું પાત્ર લંબાવી ને સ્મિત કરી તે લઇ લીધા, ને પોતાની ઝોળીમાં ઠાલવ્યા.

જતાં પહેલાં એમણે એમની પ્રસન્ન કૃપા દૃષ્ટિ મારા તરફ નાંખી પોતાનો જમણો હાથ ઊંચો કર્યો. જાણે કે મને આશીષ ન આપતા હોય! મારૂં મસ્તક એ જોઇ નીચું નમી ગયું... પણ

હું ફરી ઊંચુ જોઉં તે પહેલાં તો તેઓ ચાલવા લાગ્યા. હું ઘરના ઊંબરામાં ઊભી ઊભી એમને જતા જોઈ રહી. પણ થોડે જ દૂર જઇને–અચાનક દેખાતા બંધ થઇ ગયા. મારી આંખો વ્યાકુળ બની એમને સામેના માર્ગ ઉપર શોધી રહી. પરંતુ તેઓ તો ત્યાં ન હતા.

વર્ષો પહેલાંનો આ પ્રસંગ આજેય મનની સ્મૃતિમાં એવો સચવાઇ રહ્યો છે ને એને વાગોળીને મન કહ્યાં કરે છે, 'ગુરુદેવ છે જ. શ્રદ્ધાથી આપણે પોકારવા જોઇએ.'

—※—

વરસાદના બીંદુની જેમ નામ સ્મરણ જીવનનું નવ-સર્જન કરે છે.

※

મનને મારામાં રાખતા શીખો.

※

મનમાં માળા હોય તો ભકિત થાય હાથમાં હોય તો માળા ન થાય.



# સુપ્પારકનો સંન્યાસી

—ભાનુકુમાર નાયક

મુંબઇથી ૫૦ માઇલ દૂર પશ્ચિમ રેલવેનું સ્ટેશન નાલા-સોપારા બે જુદાં જુદાં ગામો નાલા અને સુપ્પારા વચ્ચે આવેલું છે. લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાંની આ વાત છે. તે વેળા સુપ્પારા નામનું આ દરિયાકાંઠાનું ગામ એક જગ-વિખ્યાત બંદર હતું. એ વખતના એ બંદર–મુંબઇનું નામ હતું સુપ્પારક–પત્તન. પત્તન એટલે બંદર.

એ વખતમાં મહાબંદર સુપ્પારકમાં એક સંન્યાસી રહેતો હતો. વૃદ્ધ કાયા, માથે શ્વેત રજતસમ કેશ, તેવી જ ઉજ્જ-વળ દાઢી–મૂછ ને કૃશ શરીર હંમેશ વલ્કલધારી દેખાતું. તેનું અત્યંત પવિત્ર અને ભવ્ય વ્યક્તિત્વ કોઇ પણ માણસ-ને વંદન કરવા પ્રેરતું હતું.

મહાનગરીના સેંકડો શ્રદ્ધાળુ રોજ સંન્યાસીને દર્શને આવતાં. તેની ચરણરજ માથે ચડાવી કૃતાર્થ થતાં. તેઓ પુષ્કળ દાન–દક્ષિણા પણ ભેટ ધરતાં. તેમાં ખાદ્ય-સામગ્રી, ઔષધો વગેરેનો સમાવેશ થતો. ભકતો દ્વારા થતી નિરંતર સ્તુતિથી સંન્યાસીએ એમ માની લીધું કે તે ખરેખર જ અર્હત થયો છે; જીવનમુકત દશાને પામી ગયો છે; સંસાર-નાં બંધનોથી છૂટી ગયો છે.

એક દિવસ કોઈ હિતૈષીએ એને કહ્યું કે તે હજી અર્હત –જીવનમુકત થયો નથી; પણ તેના માર્ગે અવશ્ય છે. સંન્યાસી સમજુ હતો. તેણે આત્મ–નિરીક્ષણ કર્યું તો જણાયું કે તેના

મનમાંથી હજી વિકારો ગયા ન હતા. એકાગ્રતા અને અભ્યાસ છતાં યે એની વિચારધારા વિચારશૂન્ય નહોતી થઇ.

તેણે ઉત્સુકતાથી પૂછ્યું : "આ જગતમાં કોઈ એવી વ્યકિત પણ છે કે જે વિકારોથી સર્વથા મુકત થઈ હોય, જે અર્હંત થઇ હોય ?"

'હા' તેને જવાબ મળ્યો. "કપિલવસ્તુના રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમે ગૃહત્યાગ કરી પરમ સત્યની ખોજ કરતાં કરતાં વર્ષોની તપસ્યા પછી ચિત્તને વિચારશૂન્ય કરવાની રીત શોધી કાઢી તેના અભ્યાસથી તે અર્હંત બન્યા છે. તેઓ સ્વયં બુદ્ધ છે. તેઓ શ્રાવસ્તી નગરીના જેતવનમાં વિહાર કરી રહ્યા છે. પોતાને મળેલું મુકિતનું જ્ઞાન તેઓ અન્યોને દઇ રહ્યા છે."

સંન્યાસીના મનમાં વિચારોનાં આંદોલન ઊઠયાં : "મેંય વર્ષોથી ગૃહત્યાગ કર્યો છે ને સંન્યાસ લીધો છે. જીવનમુકત થવાની ઇચ્છાથી સંન્યાસ તો લીધો પણ જોઉં છું તો હજી સુધી હું જીવનમુકત બન્યો નથી. આ બહારનો દેખાવ, કર્મ-કાંડ, ત્યાગ-તપ, ને વ્રતોથી તો કેવળ બહારનાં લોકોજ આકર્ષાયા છે. પરિણામે અવશ્ય સન્માન, ગૌરવ, પૂજા, પ્રતિષ્ઠા પ્રાપ્ત થયાં. પરંતુ એ બિચારા શ્રદ્ધાળુઓને શું ખબર કે મારી ચિત્તાવસ્થા કેવી છે ? તેઓ તો કેવળ મારું બાહ્ય ચારિત્ર્યજ જુએ છે. ચિત્તની પરમ વિશુદ્ધિ, વિમુકિત હજી કયાં થઈ છે ? ચિત્તવિશુદ્ધિની સાધના માનવ જીવન-માંજ શકય છે. અને હું તો હવે વૃદ્ધ થયો ! મારા અણ-મોલ જીવનનો કેટલો બધો સમય મેં નકામો ગુમાવ્યો !" સંન્યાસીને લાગ્યું કે જીવનનો ઘણો થોડો સમય હવે બાકી



રહ્યો છે. હવે શું થાય ?

તે વેળા તેણે સાંભળેલા શબ્દો ફરી તેના કાનમાં ગુંજી ઊઠ્યા : "ભગવાન જીવનમુકિતનું જ્ઞાન સૌને દઇ રહ્યા છે."

એથી તેના વીલાયેલા મનમાં નવી આશાનો સંચાર થયો. તે ઊઠ્યો. તેના જીર્ણશીર્ણ શરીરમાં યુવાનીની શકિત આવી. તે શ્રાવસ્તીના માર્ગે વળ્યો. કયાં પશ્ચિમ પ્રદેશની રાજધાની સુપ્પારક અને કયાં હિમાલયની તળેટીના કોસલ પ્રદેશની રાજધાની શ્રાવસ્તી ! ઘણો લાંબો પંથ હતો. પરંતુ ભગવાન બુદ્ધ પાસેથી ચિત્તશુદ્ધિની વિદ્યા શીખવાના એના ઉત્સાહે પંથની વિકટતાને વિસારે પાડી. લંબાણ પંથ પણ તેને કષ્ટમય ન લાગ્યો. લગની એવી તો તીવ્ર હતી કે સમગ્ર પ્રવાસમાં કેવળ એક જ રાત તેણે વિશ્રામ કર્યો હતો ! એમ છતાં શ્રાવસ્તી સુધી તેના શરીરે શ્રમનો અનુભવ સુદ્ધાં ન કર્યો. ભગવાનની કેવી કરુણા !

જેતવન વિહાર પહોંચતાં તેને ખબર પડી કે ભગવાન બુદ્ધ તો ભિક્ષાટન માટે શહેરમાં ગયા છે. ભિક્ષુઓએ તેને કહ્યું, "આપ ઘણે લાંબેથી આવ્યા છો થોડીવાર વિશ્રામ કરો. પ્રભુ હમણાં જ આવી પહોંચશે.'

પરંતુ ...ચિત્તશુદ્ધિની વિદ્યાની તીવ્ર જિજ્ઞાસાવાળા સંન્યાસીને એટલી યે રાહ જોવી પરવડે તેમ ન હતું. તેણે શ્રાવસ્તી શહેર તરફ પ્રયાણ કર્યું. તે ભગવાન બુદ્ધના પગમાં પડી અપલક, અવાક્ જોતો જ રહી ગયો. કેટલું મંગલમય અને મહાન વ્યકિતત્વ ! ધીર, ગંભીર, સૌમ્ય, શાંત મુખ-મંડળ, કરુણામય નયન, અંગેઅંગમાંથી પ્રકટ થતો સંયમ, શાંતિની અનુપમ આભા અને અણુ-અણુમાંથી અનંત મૈત્રીનાં

મોજાં અનરાધાર વહી રહ્યાં હતાં. શ્રદ્ધા-વિભોર સંન્યાસી ભગવાન્ સમક્ષ ઘુંટણીએ બેઠો જ રહ્યો. તેણે ભગવાનનાં ચરણોમાં માથું ઝુકાવી કહ્યું "ભગવાન્, મને ધર્મોપદેશ કરો. શુદ્ધ ધર્મની સાધના બતાવો, જેથી મારું અનંત કાળ સુધી હિત સધાય."

'ધર્મોપદેશ માટે આ યોગ્ય સમય નથી. સંન્યાસી, તથાગત અત્યારે ભિક્ષાટન કરી રહ્યા છે. વિહાર પાછા ફરી અવશ્ય ધર્મોપદેશ કરશે."

"ભગવાન, આ જિંદગીનો શો ભરોસો? ન મારી જિંદગીનો કે ન આપની જિંદગીનો ભરોસો છે. અત્યારે તમારા તરફ મારી શ્રદ્ધા પણ જાગૃત છે. માટે ભગવાન આ પળે જ એવો ધર્મ શીખવો કે મારું ચિરકાળ સુધી હિત સધાય." સંન્યાસીના વારંવારના આગ્રહ પછી ભગવાન બુદ્ધે તેને ટૂંકમાં ધર્મ-સાધનાનો ઉપદેશ કર્યો.

ભગવાને કહ્યું આ પ્રમાણે અભ્યાસ કરતાં શીખ :

**" દિટ્ઠે દિટ્ઠમત્તં ભવિસ્સતિ "**

જોવામાં માત્ર જોવાપણું જ રહે

**" સુતે સુતમત્તં ભવિસ્સતિ "**

સાંભળવામાં માત્ર સાંભળવાપણું જ રહે.

"એ જ પ્રમાણે સુંઘવામાં માત્ર સૂંઘવાપણું, ચાખવામાં માત્ર ચાખવાપણું, સ્પર્શવામાં માત્ર સ્પર્શવાપણું અને જાણવામાં માત્ર જાણવાપણું જ રહે."

સમજદાર સંન્યાસી ભગવાનનો આ ટૂંકો ઉપદેશ પણ ઘણા વિસ્તારથી સમજ્યો. તેણે સમજી લીધું કે : 'શરીરની છ ઇન્દ્રિય આંખ, કાન, નાક, જીભ, ત્વચા અને મનને જે



પળે જે વિષયનો અનુભવ થાય તે માત્ર તેની જાણકારી પૂરતો જ મર્યાદિત રહેવો જોઇએ. એટલે રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શની અનુભૂતિ કેવળ અનુભૂતિ માત્ર જ બની રહે. જે પળે જે અનુભવ થાય તે, તે પળ પૂરતો જ રહેવો જોઈએ. જોવાનું હોય તો જોવાનું જ, સાંભળવાનું હોય તો સાંભળવાનું જ, સૂંઘવાનું હોય તો સૂંઘવાનું જ, ચાખવાનું હોય તો માત્ર ચાખવાનું જ, સ્પર્શ કરવાનું હોય તો માત્ર સ્પર્શ જ, વિચારવાનું હોય તો માત્ર વિચારવાનું જ રહેવું જોઇએ. કેવળ જાણી લઈને જ અટકી જવાનું; એ કોઈ પ્રતિક્રિયા આગળ ન વધારવી."

સતત અભ્યાસ દ્વારા સંન્યાસી ચિત્તની પ્રત્યેક ક્ષણની પ્રવૃત્તિને જાણી શકવાની સ્થિતિએ પહોંચ્યો. કોઈ પણ ક્ષણે એકી સાથે બે ઘટનાઓ બનતી નથી. કાળના પ્રવાહમાં પ્રત્યેક ક્ષણ વહેતી જ જાય છે. એટલે પ્રત્યેક ક્ષણને તેમજ પ્રત્યેક ક્ષણમાં અલગ અલગ બનતી ઘટનાઓને, અલગ અલગ જાણી શકવાની શકિત આપણે ગુમાવી દીધી છે. એક ઝડપથી ચાલતા ચલ-ચિત્રની જેમ ચિત્તની વિચારધારાને ઝડપથી સરી જતી જોવાથી આપણે એટલા તો ટેવાઇ ગયા છીએ કે કોઈ એક દૃશ્યને અલગ તારવી જોઇ શકતા નથી. આથી દૃષ્ટિમાં ભ્રમ ઉત્પન્ન થાય છે. માયાવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આવી જ પૂર્વાપરની સ્મૃતિઓ સાથે ચિત્તનો સંબંધ બંધાય છે, પ્રપંચ વધે છે. રાગદ્વેષ અને મોહ-મૂઢતાનો પ્રપંચ. એ કેવી રીતે?

છ ઇન્દ્રિય-દ્વારોમાં જે કોઈ ક્ષણે જે બનાવ બને છે તે જાણીને જ માનવી બેસી રહેતો નથી. તેને ઝટ દઇને 'સંજ્ઞા' મારફત ઓળખે છે. સંજ્ઞા એટલે ચેતનનું એ સ્વરૂપ છે કે

જે અનુભૂતિઓથી ઓળખવાનું કામ કરે છે. સંજ્ઞા એકવાર ચીજ–વસ્તુને ઓળખે એટલે પ્રપંચ શરૂ થઈ જાય છે. એ પછી એ ક્ષણ તો આગળ વધે છે પણ કેવળ પ્રપંચ બાકી રહી જાય છે. એવા વિચારો આવવા માંડે છે કે આવો અનુભવ અગાઉ પણ થયો હતો કે એ અનુભવ આના જેવો જ હતો ? તે સારો હતો કે બુરો ? આવી જાતના મૂલ્યાંકનથી પ્રપંચ આગળ વધે છે. ચેતનાનો આ ભાગ સંસ્કાર કહેવાય છે. એ તરત જ પોતાનું કાર્ય શરૂ કરી દે છે. તેનું કામ છે પ્રતિક્રિયા કરવાનું. જો એ ક્ષણનું જોવું, સાંભળવું, સૂઘવું, ચાખવું, સ્પર્શવું કે વિચારવું સારું લાગ્યું હોય તો પ્રેમ તરફ અને ખરાબ લાગ્યું હોય તો ધિક્કાર તરફની પ્રતિક્રિયા શરૂ થાય છે. મન ભવિષ્યના વિચારોમાં ગૂંથાઈ જાય છે. આમ થઈ શકે અને આમ ન થઈ શકે. આમ ભૂતકાળની યાદ અને ભવિષ્યકાળની કલ્પનાઓ મન ઉપર સવાર થઈ જાય છે. જે વખતે જોવાનું, સૂંઘવાનું વગેરે થયું તે વેળાએ તેને માત્ર જોવાનું કે સૂંઘવાપણું માનીને ભૂલી જઈએ તો આગળ વાત વધે નહીં, પ્રપંચ શરૂ ન થાય. **જે વ્યક્તિ વિચારોનો આરંભ જ ન કરે તે જ પ્રપંચમુક્ત રહી શકે છે.**

સાધક જુવે છે કે શરીરનાં પાંચ અંગો પર વિષયના સ્પર્શની અનુભૂતિ જેટલીવાર અને જેટલો વખત થાય છે, એનાથી કેટલીયે વધુ વખત તે મન પર થાય છે. જોવા, સાંભળવા, સુંઘવા, ચાખવા અને સ્પર્શની અપેક્ષાએ વિચારવાનું કામ અનંતગણું વધારે હોય છે. જે બનાવો મનમાં બને તેની વિચારધારા તો મનમાં રહેતી જ હોય છે. પણ જે ઘટનાઓ પાંચ ઇન્દ્રિયો દ્વારા બને છે તેની યે અસર મન ઉપર



થાય છે. આ બધો યે પ્રપંચ, વધારો–ઘટાડો ને ફેલાવો મનથી જ થાય છે; કારણ કે એનો આરંભ પણ મનથી જ થાય છે. જ્યાંસુધી આપણે જીવતા છીએ ત્યાં સુધી તન-મનના આ છ દરવાજા ખુલ્લા જ રહે છે. એટલે પ્રત્યેક ક્ષણે છયે દરવાજેથી કોઇને કોઇનો પ્રવેશ થતો જ હોય છે. એને લઇને રાગદ્વેષ આરંભી મન પ્રપંચ શરૂ કરી દે છે. આવી સ્થિતિમાં ચિત્તની શુદ્ધિ કે વિમુકિત કયાંથી મળે ?

ક્ષણેક્ષણને અલગ તારવી નહીં શકવાથી આપણે વર્તમાનને ભૂતકાળ અને ભવિષ્યકાળ સાથે ભેળવી દઇએ છીએ. એનાથી એક બીજી મુશીબત પેદા થાય છે. ઘટનાઓનો આ ક્રમ જાણે કે એક સૂત્રે પરોવાયો હોય એવો આભાસ થાય છે. આ સૂત્ર છે અહંભાવનું, અસ્મિતાભાવનું અને આત્મભાવનું અવિરલ સૂત્ર. એમાંથી મમત્વ જાગે છે. ધીમે ધીમે અહંભાવ દૃઢ થતો જાય છે. 'હું બાળપણથી અમુક અનુભૂતિઓ કરતો આવ્યો છું અને ભવિષ્યે અમુક અનુભૂતિઓ કરીશ.' એવો ભાવ જાગે છે. આ અહંથી આસકિત પેદા થાય છે. તે રાગદ્વેષનો અગ્નિ વધારે છે. આ અહં તે અવિદ્યા જ છે, જે મમત્વને વધુ દૃઢ બનાવે છે.

સતત અભ્યાસથી સાધક ચિત્તવૃત્તિમાંની ફિલ્મના જુદા જુદા ટુકડા કરે છે, જેથી અહંભાવ ટૂટે છે. આમ ભ્રમ ટૂટવાથી વસ્તુસ્થિતિ સ્પષ્ટ બને છે. બુદ્ધિ જાગૃત થાય છે. અવિદ્યાનો સંતાપ દૂર થાય છે. રાગદ્વેષની નવી ગાંઠો બંધાતી નથી, જૂની ખુલવા માંડે છે.

ત્યારે જોવામાંથી 'હું જોઈ રહ્યો છું.' નો ભ્રમ દૂર થાય છે. જોવામાં માત્ર જોવાપણું જ રહી જાય છે. જેવી રીતે જોવામાં

માત્ર જોવાપણું, સાંભળવામાં માત્ર સાંભળવાપણું, સૂંઘવામાં માત્ર સૂંઘવાપણું, ચાખવામાં માત્ર ચાખવાપણું અને સ્પર્શમાં માત્ર સ્પર્શવાપણું જ રહી જાય છે. 'કરી રહ્યો છું', 'ભોગવી રહ્યો છું'' ની જગ્યાએ ' થઈ રહ્યો છે.' ની સચ્ચાઇ પ્રકટ થાય છે. ભોક્તાભાવ અને કર્તાભાવની માયા દૂર થાય છે. અહંભાવમાંથી અહંકારવિહીનતા જન્મે છે. આત્મભાવ અનાત્મભાવમાં બદલાય છે.

અત્યાર સુધી જે વાત સાધક સિદ્ધાંતરૂપે માનતો હતો તે ઈંદ્રિયપરતાનો એને અનુભવ થવા માંડયો.

ભગવાન તથાગતે સંન્યાસીને સમજાવતાં કહ્યું હતું કે : 'જોવામાં માત્ર જોવાપણું'' વિગેરે અનુભવાય તો તેથી જોવા–સાંભળવાના કારણમાંથી હું ની ભ્રાંતિ દૂર થશે. આવી અહં-શૂન્ય સ્થિતિ થતાં જ લોકોત્તર નિર્વાણની પ્રાપ્તિ થશે. એ જ દુઃખોનો અંત છે.

બુદ્ધિમાન સંન્યાસી ભગવાનનો સંક્ષિપ્ત ઉપદેશ વિસ્તારથી સમજીને જ બેસી રહ્યો નહીં. એણે એ અભ્યાસમાં ઉતારવા માંડયો. જેને પોતાનું મોત નજીક દેખાતું હોય તેને વળી આળસ કેવી ? તે ત્યાં જ કયાંક બેસી અંતર્મુખી બન્યો. અવિરલ ચિત્તધારાના ટુકડે–ટુકડા કરીને પ્રત્યેક ક્ષણને અલગ કરીને જોવા લાગ્યો. જોતજોતામાં તેનો અસ્મિતાભાવ તૂટયો; પૂર્વના સંસ્કાર છૂટયા, ચિત્ત અનાસકત થયું, તે વિમુકત થઈ ગયો. તેને પરમપદ નિર્વાણની પ્રાપ્તિ થઇ. સંન્યાસી કૃતકૃત્ય થઈ ગયો. તેનું બચેલું અલ્પ–જીવન સાર્થક થઇ ગયું.

ભગવાન તથાગત જ્યારે ભિક્ષાટનથી વિહારમાં પાછા ફર્યા તો સંન્યાસીની જીવનલીલા સંકેલાઈ ગઈ હતી.



ભિક્ષુઓએ ભગવાનને પૂછયું : 'એ જીવની શી ગતિ થઈ ?'

ભગવાને કહ્યું : 'તે તો જીવન્મુક્ત, ગતિમુક્ત થઇ ગયો. પરિનિર્વાણને પ્રાપ્ત થયો.'

એમણે વળી એ પણ કહ્યું :

'યત્થ આપો ચ પઠવી, તેજો વાયો ન ગાધતિ ।
ન તત્થ સુક્કા જોતન્તિ, આદિચ્ચો નપ્પકાસતિ ॥
ન તત્થ ચંદિમા ભાતિ, તમો તત્થ ન વિજ્જતિ ।
યદા ચ અત્તનાવેદિ, મુને મોનેન બ્રાહ્મણો ।
અથ રૂપા ચ સુખદુકખા પમુચ્ચતિ ॥

જ્યાં પૃથ્વી, જળ, અગ્નિ કે વાયુનો પ્રવેશ નથી, જ્યાં શુક્રની જ્યોતિ નથી કે સૂર્યનો પ્રકાશ નથી, જ્યાં ચંદ્રમાનો પ્રકાશ નથી કે અંધકાર નથી; કોઈ બ્રાહ્મણમુનિ મૌન પંથે ચાલી તેને પોતેજ જાણી લે છે. તે બધાંજ રૂપ ને અરૂપ લોકોથી પાર થઇ જાય છે. સુખ–દુઃખોના દ્વંદ્વથી મુક્તિ મેળવે છે.

સુપ્પારક પત્તનમાં એ સંન્યાસીનું શું નામ હતું એ જાણવા મળતું નથી. પણ પાલી સાહિત્યમાં તે 'બાહિય દારૂ ચીરીય' નામથી પ્રસિદ્ધ છે. કોઇએ તેનું નામ પૂછયું નહીં કે પોતાનું નામ બીજાને બતાવવાનો તેને સમય જ કયાં મળ્યો હતો ! તે બહારગામથી આવ્યો હતો એટલે 'બાહિય' (બાહ્ય) થઇ ગયો. અથવા બહારના (બીજા) સંપ્રદાયનો હતો એટલે બાહ્ય ગણાયો. તેણે 'દારૂ' એટલે વૃક્ષની છાલ પહેરેલી હતી એટલે તેને 'દારૂચીરીય' તરીકે ભિક્ષુઓએ ઓળખાવ્યો.

આમ 'બાહિય' દારૂચીરીય 'નું નામ અમર થઇ ગયું.
[હિંદી માસિક 'વિપશ્યના'માંથી]

# મને મહાત્માશ્રી યોગેશ્વરજી કેમ ગમે ?

ગૌતમ ભટ્ટ

મહાપુરુષોના જીવન વિષે બોલવું કે લખવું આમ જોવા જઇએ તો ખૂબ અઘરું છે. પૂર્ણતાએ પહોંચેલા મહાપુરુષના જીવનને શબ્દોની સીમિત રેખામાં કંડારવાનું કામ કઠીન છે. તેમ છતાં પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રત્યે રહેલા પ્રેમ અને આદરને કારણે નમ્ર પ્રયાસ કરું છું.

પૂજ્યશ્રીનો પરિચય મને લગભગ છ વર્ષ અગાઉ થયેલો. તેમનાં પ્રવચનો સાંભળ્યાં અને તેમની નજીક આવતો ગયો. પ્રવચનો આ અગાઉ બીજા સંતપુરુષોનાં પણ સાંભળ્યાં હતાં, પરંતુ મહાત્માજી પ્રત્યેનું આકર્ષણ કુદરતી જ હતું. પછી તો તેમના દર્શન માત્રથી મન આનંદથી પુલકિત થઈ જતું, તેમના સાનિધ્યમાં શાંતિ મળતી. તેમના સમાગમમાં આવતાં મનની શંકા-કુશંકાઓ દૂર થઈ જતી. ધીરે ધીરે પ્રેમભાવ વધતો ચાલ્યો. તેમનાં પ્રવચનો અને લખાણને ગંભીરતાથી સમજતો થયો.

ભારત એ સંતોનો દેશ છે. સેંકડો વર્ષોથી આપણા ઋષિ-મુનિઓ, સંતપુરુષોએ લોકોને અવિદ્યારૂપી અંધકાર દૂર કરી આધ્યાત્મિક માર્ગ પર ચાલવા પ્રેરણાનું સિંચન કર્યું છે, પરંતુ આજની પરિસ્થિતિ કંઈક જુદી જ લાગે છે. ધાર્મિક સંપ્રદાયો અને પંથોએ જેટલું લોકોનું કલ્યાણ કર્યું છે તેનાથી વિશેષ કુસેવા કરી છે એમ કહેવામાં મને અતિ-



શયોક્તિ લાગતી નથી. "આપણું જ સારૂં અને બીજાનું ખરાબ કે ઊતરતું." એવી સંકુચિત મનોવૃત્તિથી પીડાતા આજના આપણા સંપ્રદાયોએ ધાર્મિક ક્ષેત્રમાં જુથવાદને તેમજ વાડાબંધી ઊભી કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. જ્યાં જુઓ તો આશ્રમો, પંથો ને વાડાઓ. માણસો આમાં ગુંચવાઈ જાય. આમાં સાચું શું અને ખોટું શું ? કેમ પારખે ? આજે માનવતાનાં મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે ત્યારે ધર્મ અને સંપ્રદાયોના વડાઓની નૈતિક ફરજ શું છે તે પ્રશ્ન સહેજે મનમાં ઉદ્ભવે છે.

પરમ પૂજ્ય યોગેશ્વરજી માટે કદાચ વધારે પ્રેમ અને પૂજ્યભાવ થતો હોય તો આ કારણે જ. તેઓ માનવતાના માનવ-ધર્મના પુજારી છે. તેમનો સંદેશ એ જ છે "સારા મનુષ્ય બનો, સારાં કર્મો કરો. નથી કોઈ સંપ્રદાયની રચના કરી કે નથી તેમણે કોઇ આશ્રમો બાંધ્યા. છતાં તેમના માર્ગદર્શનથી સાધનાની કેડીએ આગળ વધેલા કે વધવા મથતા સાધકોની સંખ્યા નાની-સૂની નથી.

સમાજમાં આજે કથાશ્રવણ કરનારા લોકોની સંખ્યા ખૂબ વધી છે. સંતપુરુષો પણ તેમની મધુરવાણીથી શ્રોતાઓને પ્રભુપ્રેમથી તરબોળ કરી દે છે. તેમ છતાં તેમની પણ કેટલીક મર્યાદા જોવા મળે છે, જેમ કે તેઓ પોતાના સીમિત વર્તુળની બહાર નીકળતા ભાગ્યે જ જોવા મળે છે. કૃષ્ણ વિષે બોલનારા સંતો જ્યારે રામ વિષે બોલે ત્યારે શ્રોતાજનોને રસ ના પણ પડે, તેવું બને. પૂજ્ય યોગેશ્વરજી આ મર્યાદાથી પર છે તેમ કહી શકાય. તેમનાં પ્રવચનનો વિષય કોઈ પણ હોય—રામ હોય, કૃષ્ણ હોય, જીસસ હોય કે ગુરુનાનક હોય. તેમની દિવ્યવાણીથી શ્રોતાજનોને તેઓ એકસરખા મંત્રમુગ્ધ

બનાવે છે. શ્રોતાઓ તેમને એટલા જ પ્રેમથી સાંભળે છે. પૂજ્યશ્રી બહુજનસમાજમાં પ્રિય થઇ પડયા છે, અને ભારતની બહાર પણ ખ્યાતિ પામ્યા છે તેનું કારણ પણ આજ છે, તેમનું બિનસાંપ્રદાયિક વલણ. વધુ ને વધુ લોકો આત્મોન્નતિના પંથે પ્રયાણ કરે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. અને તેમના જીવનનું પણ એ ધ્યેય છે. માનવજીવનને ઉન્નત કરનારા પરિબળોને તેઓ આવકારે છે અને તે માટે સાચી સમજ આપનારા દરેક સંતપુરુષો તેમના મતે મહાન છે, પછી તે કોઇ પણ ધર્મના કેમ ન હોય? તે મહંમદ પયગંબર હોય, જીસસ ક્રાઇસ્ટ હોય, સંત કબીર હોય, સ્વામી રામતીર્થ કે શંકરાચાર્ય ગમે તે હોય.

પૂ. યોગેશ્વરજી જેટલા આત્મિક માર્ગના પથપ્રદર્શક છે, તેટલા જ તેઓ એક પ્રખર સાહિત્યકાર, કવિ તેમજ સમાજસુધારક છે. જે કોઇ બીજાને ઉપદેશ આપે છે તે તેઓ પોતાના જીવનમાં ઉતારી આચરી બતાવે છે જેવું કે પોતાનું રોજિંદુ કામ જાતે જ કરવું, સાદાઇ, સ્વચ્છતા, નિયમિતતા વગેરે. તેથી જ કદાચ ભારતીય સંસ્કૃતિ વિષે પરદેશોમાં આપેલાં તેમનાં પ્રવચનોએ ત્યાંના સમાજ પર પણ ઘણી ભારી અસર કરી છે.

એમની એક બીજી વિશેષતા પણ જોઇ. સામાન્ય રીતે સંતપુરુષો બીજાઓને કોમન પ્લેટફોર્મ પર આવકાર આપતાં અચકાય છે. એક જ પ્લેટફોર્મ પર એક કરતાં વધુ સંતપુરુષોની હાજરી જાહેર જનતાને મોટા ભાગે જોવા મળતી નથી. તેવી એલદિલી પણ જવલ્લે જ જોવા મળે છે. પૂજ્યશ્રી માટે તેવું કહી શકાય નહી. એક વખત તેમનું પ્રવચન સાંભળવાની ઇચ્છા પ્રગટ કરનાર એક બીજા સંતને તેમણે



ઉંચું આસન આપ્યું. તેટલું જ નહીં, પરંતુ પોતાનું પ્રવચન પૂરૂં થઈ ગયા પછી તેમને વિનંતી કરી કે તેઓ શ્રોતાજનોને તેમની વાણીનો લાભ આપે. આવી એલદિલી બહુ ઓછા સંતોમાં જોવા મળે છે.

ધર્મ અને સંસ્કૃતિનું સાચું મૂલ્યાંકન કરાવવાની સાથે તેઓ માનવ જીવનના આત્મિક ઉત્થાન પર વિશેષ ભાર મૂકે છે. તેઓ કહે છે આપણે જે કંઇ જાણીએ છીએ–એ જ્યાં સુધી અનુભવીએ નહીં ત્યાં સુધી તે ફક્ત માહિતી જ બની રહે છે. જ્યારે તેનો પ્રત્યક્ષ અનુભવ કરીએ ત્યારે જ તે સાચું જ્ઞાન બને છે.

તેમની સર્વ ધર્મ પ્રત્યેની સદ્દભાવના જોઇનેજ આ વર્ષે તેમની સાઉથ–આફ્રિકાની યાત્રા દરમ્યાન ત્યાંના બધા જ સંપ્રદાયોના વડાઓ પ્રભાવિત થયા. અને છેલ્લાં ૪૨ વર્ષથી ચાલી આવતી ત્યાંની રામકૃષ્ણ મિશન સંસ્થાએ પ્રણાલિકા તોડી. દર વર્ષે તે સંસ્થામા એક સર્વ ધર્મ પરિષદ ભરાતી જેમાં દરેક ધર્મના વડા કે સંતો પ્રવચનો કરતા. પૂજ્યશ્રીના પ્રવચનોથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે પૂ.યોગેશ્વરજીને જ પ્રમુખસ્થાને રાખી તેઓ પાસે પ્રવચનો કરાવ્યાં. બીજા કોઇનાં પ્રવચનો રાખ્યાં નહીં અને બધાએ તેમને સાંભળવા એમ નક્કી કર્યું. આ આખો પ્રસંગ અદ્દભૂત, પ્રેરણાદાયી અને સર્વધર્મએકતાના સંનિષ્ઠ પ્રયાસરૂપે લેખી શકાય.

ગુજરાતની ભૂમિ પૂ. યોગેશ્વરજીના પ્રાગટયથી ધન્ય બની છે. સમયને પારખી આત્મોન્નતિને ઝંખતા જીવો આ સંતપુરુષના સમાગમનો લાભ લે અને શાંતિનો અનુભવ કરે તેવી આશા રાખીએ.

# સિદ્ધયોગી શ્રી સંધ્યાપુરીજી

સ્વ. પ્રપન્નલાલ કાજી

આદ્ય શંકરાચાર્ય મહારાજે દશનામી સંપ્રદાય પ્રસ્થાપિત કર્યો છે. આ સંપ્રદાયમાં સંન્યાસીઓનાં નામ પાછળ પુરી, ગિરિ, ભારતી વગેરે લગાડવામાં આવે છે. આ સંપ્રદાયના કેટલાય ખૂબ મોટી ઉમ્મરના હિમાલયમાં વસતા સિદ્ધ નાગા બાવા ય હોય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસની નિરાકારની દીક્ષા આપનાર મહાન સંત શ્રી તોતાપુરી પણ આજ સંપ્રદાયના હતા.

નેપાળ સ્ટેટના રાજગુરુ મહંત શ્રી રામગિરિ હિમાલયમાંજ દિગંબર સ્થિતિમાંજ રહેતા. રાજાને જ્યારે પણ જરૂર પડે, ત્યારે વગર કહેણે એમને ખબર પડી જતી એટલે તેઓ કૌપીન પહેરી, નાનો કકડો કમ્મર પર વીંટી હાજર થઇ જતા ને રાજાની ઇચ્છા પ્રમાણે કર્મકાંડ કે યજ્ઞ વગેરે કરાવી પાછા હિમાલયમાં ચાલી જતા.

આ રાજગુરુ શ્રીરામગિરિજીનાજ શિષ્ય સંધ્યાપુરીજી. તેઓ હિમાલયમાં તેમની પાસે પાંત્રીસ વર્ષ રહ્યા ને વેદાભ્યાસ તથા કઠોર તપ વગેરે કરી યોગની અનેક વિદ્યાઓમાં પારંગત બન્યા.

કઠોર તપશ્ચર્યાને પરિણામે એમને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. તેમજ તેઓ અનેક સિદ્ધોના સંપર્કમાં પણ આવ્યા હતા.

ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીને કિનારે દસનામી સંતોનો મઠ છે. આ મઠના વડા શ્રી શિવદયાળપુરી હતા. તેઓની અવસ્થા થવાને લીધે તેઓ મઠનો વહીવટ બરાબર સંભાળી શકતા નહિ. પરિણામે એ મઠની આસપાસની કેટલીક જમીનો



લોકો પચાવી પાડવા માંડ્યા હતા. આ પરિસ્થિતિની જાણ નાગાબાવાઓના વડા શ્રી ભગવાનપુરીજીને થઇ. તેથી તેઓએ રાજ્યગુરુ શ્રી રામગિરિજીને કોઈ યોગ્ય સમર્થ સંચાલક ઉજ્જૈનના મઠ માટે પસંદ કરવા વિનંતી કરી. આથી શ્રી રામગિરિજીએ શ્રી સંધ્યાપુરીજીને આ મઠ માટે પસંદ કરી શ્રી શિવદયાળપુરીને જાણ કરી. તેઓએ મઠની બધી જવાબદારી શ્રી સંધ્યાપુરીજીને સોંપી સમાધિ લઈલીધી.

શ્રી. સંધ્યાપુરીજી ખૂબ કુશળ વહીવટકર્તા હતા. તેઓએ ધીમે ધીમે બધી જ જમીનો પાછી મેળવી લીધી એટલું જ નહિ, પરંતુ સમગ્ર આશ્રમની કાયાપલટ કરી નાંખી. તેમણે સુંદર ગૌશાળા ઊભી કરી અને ધીમે ધીમે તેમાં ૨૦૦૦ જેટલી ગાયો રાખતા થયા. વળી આયુર્વેદનું દવાખાનું અને વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત પાઠશાળા પણ શરૂ કરી. આ ઉપરાંત, અન્નક્ષેત્ર શરૂ કર્યું, તેમાં અનેક સાધુ સંતોને સવાર સાંજ ભિક્ષા મળતી. કદીક કદીક ભોજન લેનારાઓની સંખ્યા બે હજાર સુધી પહોંચી જતી.

૧૯૨૦ પછી આ મઠની ગાદી શ્રી સંધ્યાગિરિજીએ સંભાળી, તે પછી એની ખ્યાતિ ખૂબ ફેલાઇ. તે પછી બીજા વિશ્વયુદ્ધના સમયે ભારતમાં રેશનીંગ હતું. છતાં આ મઠમાં તો હજારો માણસોને ભોજન મળતું. તેથી કેટલાક રેશનીંગ અધિકારીઓને થયું આ મઠમાં ખૂબ અનાજનો સંગ્રહ હોવો જોઇએ. એમણે મઠ ઉપર રેઈડ પાડી. મહંત શ્રી સંધ્યાગિરિજીએ આશ્રમની તલાસ લેવા સંમતિ આપી. અધિકારીઓ આખો મઠ જોઇ વળ્યા પણ એમને કયાંય અનાજની ગુણો જણાઇ નહિ. આમ છતાં મઠની અન્ન ક્ષેત્રની પ્રવૃત્તિ ચાલ્યાં જ કરતી. શ્રી સંધ્યાગિરિજીની એવી અદ્ભૂત શક્તિ હતી.

શ્રીસંધ્યાગિરિજી કદી કોઈ પાસે કંઇ માગતા નહિ. છતાં મઠની બધીજ જરૂરિયાતો યથાસમયે પૂરી થતી રહેતી. ઘણાને એ વાતનું આશ્ચર્ય થતું.

શ્રી સંધ્યાગિરિજી સુરતમાં એમના ભકતને ત્યાં પધારેલા ત્યારે મેં તેઓનાં દર્શન કરેલાં. તે વખતે તેઓ પગે ગરમ મોજાં તેમજ કામળા જેવા ગરમ કાપડની કફની પહેરતા. માથા પર જટા, કપાળ મોટું ને પ્રભાવશાળી. આંખો તેજસ્વી ને ચહેરો ભરાવદાર.

તેઓ ઉધરસ ખૂબ ખાતા. કોઇને પોતે સંત કે સિદ્ધ છે તેનો અણુસાર ન આવે તેની કાળજી રાખતા. પોતે ખાસ કંઇ ભણેલ નથો એવો દેખાવ કરતા. એમનો વ્યવહાર અત્યંત નમ્ર ને ખૂબ વિવેકી. જે કોઈ એમને પગે લાગે તેમને ખૂબ ભાવપૂર્વક આશીષ આપતા ને બધાંને માનથી બોલાવતા.

એક વાર સુરતના એમના ભક્તને લઇને તેઓ હિમાલયનાં તીર્થધામો ને અમરનાથની યાત્રાએ ગયા હતા. ત્યાં દિગંબર સ્વરૂપમાં બરફમાં ચાલતા. તેમજ બરફવાળી નદીઓમાં સ્નાન કરતા. છતાં સહેજ પણ ઉધરસ કે શરદી જણાતી નહિ. તેઓ આ પ્રવાસમાં પોતાની પાસે એક તુંબડી રાખતા. એ અક્ષયપાત્ર જેવી હતી. એમાંથી દૂધ કાઢીને પી લેતા.

સુરતના આ બ્રાહ્મણ શિષ્ય ઉપર એમનો ઘણો પ્રેમભાવ હતો. એને એ કહેતા, 'બેટા તેરી સાથ તો મેરા જન્મો-જન્મ કા સંબંધ હૈ"

સુરતમાં એક શેઠને ત્યાં દર પુનમે સત્યનારાયણની કથા વાંચવા જવાનો આ બ્રાહ્મણને નિયમ. એક વાર એવું બન્યું કે આ બ્રાહ્મણને તાવ આવ્યો એટલે તે કથા કરવા જઇ



શકયો નહિ. તાવ ઉતર્યા બાદ, પેલા શેઠને ત્યાં જઇ તેમણે તે બદલ ક્ષમા માંગી. તો શેઠને આશ્ચર્ય થયું!" અરે, તમે તો પુનમે કથા વાંચી ગયા ને આવું શું બોલો!"

આ સાંભળી બ્રાહ્મણને આશ્ચર્ય થયું. તેણે શેઠને કહ્યું. "હું તો ખરેખર માંદો હતો. પરંતુ મને લાગે છે કે મારા ગુરુદેવ પોતે જ મારૂં સ્વરૂપ ધરી કથા કરી ગયા. ને મારો નિયમ અખંડ રાખ્યો."

સમાધિ વેળા એમના અનુગામી નીમવા કાશીપંચે એમની સંમતિ માંગી. એમણે કહ્યું, "અનુગામી નીમવામાં વાસના રહી જાય. જેની લાયકાત હશે તે ગાદી સંભાળશે. એની મારે ચિન્તા શી?"

તે પછી એમણે સમાધિ લઈ લીધી.

કેવા વિરલ સંત! કોઇ સ્પૃહા નહિ કે કયાંય આસકિત નહિ. પ્રસિદ્ધિની કે પૂજાવાની ઇચ્છાય નહિ. એવા સંતના ચરણોમાં આપણા અનેકાનેક પ્રણામ.

વરસાદના બીંદુની જેમ નામ સ્મરણ જીવનનું નવસર્જન કરે છે.

* ⚜ *

મનને મારામાં રાખતા શીખો.

* * *

મનમાં માળા હોયતો ભક્તિ થાય હાથમાં હોય તો માળા ન થાય.

# સ્વામિનારાયણનો અડગ ભક્ત સૂરા ખાચર—

—સત્સંગી

શાસ્ત્રોમાં પ્રમાણ ત્રણ પ્રકારનાં કહ્યાં છે. પ્રત્યક્ષ, અનુમાન અને આગમ. શાસ્ત્રો ને સંતોના વચનમાં શ્રદ્ધા વિશ્વાસ રાખવાં એને આગમ પ્રમાણ કહે છે. પરંતુ કેટલાક જીવ એવા હોય છે એમને સંતો કે શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા થતી નથી. ઉલટું એની મશ્કરી સુઝે છે. એવા જીવો કદી કશામાં શ્રદ્ધા કરી શકતા નથી.

જસદણના વાજસુર ખાચર આવા જીવ હતા. એમણે સહજાનંદ સ્વામીની વાતો સાંભળી હતી. એમની જ જાતિના-કાઠી દરબારો એમના ભક્ત થયા હતા તે સાંભળી એમને હસવું આવતું. પ્રત્યક્ષ અનુભવ સિવાય શ્રીજી મહારાજની કોઈ વાત તે માનવા તૈયાર ન હતા.

શ્રીજી મહારાજના ગઢડાના અનન્ય ભક્ત દાદા ખાચર અને બીજા સુરા ખાચર એમની જ્ઞાતિના પ્રતિષ્ઠિત સજ્જનો ગણાતા. એમનાં આચરણ, વ્યવહાર ને વિચાર બીજા કાઠી દરબારો કરતાં સાવ જૂદા. બીજા કાઠીઓ દારૂ, વ્યભિચાર, ચોરી, લૂંટ કે ખૂનોમાં રાચતા, ત્યારે આ લોકો ભગવાનને યાદ કર્યા સિવાય, સ્નાન કર્યા સિવાય, પાણી પણ ન પીતા. કોઈ જીવની કદી હિંસા ન કરતા. પરસ્ત્રીને મા સમાન માનતા. પરધન તરફ એમની નજર સરખી જતી નહિ. આમ જાતિ એક હોવા છતાં જીવનવ્યવહાર બન્નેના-ઉત્તર દક્ષિણ



ધ્રુવ જેવા ભિન્ન હતા.

એકવાર સુરા ખાચર વાજસુર ખાચરના મહેમાન થયા. તેઓ તો ઘણા દિવસથી આવી તક શોધતા હતા. તે અચાનક મળી ગઇ. વાજસુર ખાચરને થતું કે સુરા ખાચર સ્વામિનારાયણની મોટી મોટી વાતો કરે છે તે જરા જોઇએ. પરસ્ત્રીને કેવી માત સમાન ગણે છે.

એમણે સુરા ખાચરને દરબારના એકાંત ભાગમાં ઉતારો આપ્યો. તેમાં બે દરવાજા હતા. પાછલે દરવાજેથી ગામમાં અવરજવર થઇ શકતી. તે રસ્તો પણ એમને બતાવ્યો. પછી થોડી બીજી વાતો કરી. સૂરા ખાચર તો સ્વામિનારાયણના પાકા ભકત એટલે એમને મુખે તો સહજાનંદ સ્વામીની વાતો સિવાય બીજું હોય પણ શું?

પણ વાજસુર ખાચરને એમની વાતોમાં રસ ન પડે. પૂરા આસક્ત સંસારી જીવને ભગવાનની વાતો શાની ગમે! છેવટે એમણે કહ્યું, આવી નવી વાતોમાં તમે કયાં ફસાઇ ગયા! આપણી જૂની પ્રણાલિજ સાચી એને કેમ ભૂલાય દરબાર!

સાંજે સુરા ખાચર વાળુ કરીને કમાડ બંધ કરી માળા કરવા બેઠા. માળા જપતાં મધરાત થવા આવી. ત્યાં દરબારની ડેલીના પાછલા દરવાજાની સાંકળ ખખડી. સૂરા ખાચર જાગતા જ હતા. એટલે એમણે તરત જ પૂછયું, "અત્યારે કોણ છે? કોનું કામ પડયું?"

બહારથી કોઈ સ્ત્રીનો ધીમો અવાજ આવ્યો "એ તો હું છું દરબાર. જરા ડેલી ઉઘાડો મેડીએ ઓસડ છે તે છોકરો માંદો થયો છે, એટલે લેવું છે!"

માંદગીની વાત સાંભળી સુરા ખાચરે તો ભોળાભાવે ઝટ ડેલીની સાંકળ ખોલી. એટલે બાઇ અંદર આવી. મેડીએ જઇને આમ-તેમ ઓસડ શોધવા લાગી. પછી જાણે ઓસડ જડતું નથી એટલે મદદ કરવા દીવો લઇને સૂરા ખાચરને મેડી ઉપર બોલાવ્યા. સૂરા ખાચરે દીવો નીચે મૂકયો ને મૂકેલી વસ્તુઓમાં ઓસડ શોધવા મદદ કરવા લાગ્યા. ત્યાં તો બાઈ એકદમ પાસે આવી બોલી, "અરે તમે ત્યાં શું શોધો છો? મારૂં ઓસડ તો તમે જ છો. આ મેડીએ આવતા મહેમાનોની સેવા કરવા જ મને રાખેલી છે. હવે બેસો હેઠા.' કહી સૂરા ખાચરનો હાથ ઝાલ્યો.

સૂરા ખાચર એકદમ ચમકી ગયા! અને મોઢામાંથી તરતજ શ્રીજી મહારાજનું સ્મરણ નીકળી પડયું. અરેરે, સ્વામીનારાયણ, સ્વામીનારાયણ, પારકા ગામમાં આમ મધરાતે અચાનક આ આફત બનતાં સૂરા ખાચરે ધીરેથી બાઇને કહ્યું, "માડી, તું ઘર ભૂલી. અમે અડધી રાતે કદી કોઇને મળતા નથી-અમારા ભગવાન સિવાય. પણ આજે તું આવી તો ભલે આવી, છાની માની ચાલી જા. ભગવાન તારૂં ભલું કરે."

બાઇને ઘણું ઘણું શીખવામાં આવ્યું હતું. પરંતુ સૂરા ખાચરના આ સાત્વિક તેજને તે ન જીરવી શકી. તેની વાણીજ બંધ થઈ ગઈ. તે શું બોલે! જે પુરુષ એકાંતમાં પરાઇ સ્ત્રીને મા કહીને બોલાવે, એની આગળ બિચારી શું નખરાં પણ કરે!

બાઇની આંખમાંની પશ્ચાત્તાપનાં આંસુ પડી ગયાં. સૂરા ખાચરે તેને છાની રાખી કહ્યું. "મા, તું જયાંથી આવી હોય ત્યાં ચાલી જા. હું પણ અહીંથી ચાલ્યો જાઉં. આ સ્થાન પણ અપવિત્ર થઇ ગયું. મારાથી હવે અહીં ન રહેવાય



શરમાઇ ગયેલી બાઇ ધીરેથી ઊઠી ડેલી બહાર ચાલી ગઈ. પછી સુરા ખાચર ભગવાનને યાદ કરતાં સ્વગત બોલ્યા "મહારાજ, તમે પણ ખરી લીલા કરો છો. પરીક્ષાએ તમે લીધી ને ઉગાર્યો પણ તમે. કેવી અદ્‌ભૂત છે તમારી લીલા! કોણ એનો પાર પામી શકે?

પછી ધીરેથી મેડીનો દાદર ઉતરી એમણે અંધારામાં જ ભગવાનને યાદ કરતાં કરતાં ઘર ભણી ચાલવા માંડયું.

(અપૂર્ણ)

## કાર્યક્રમો

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના શ્રી રામચરિત માનસ ઉપરનાં પ્રવચનો તા. ૯-૧૧-૮૩ થી તા. ૨૦-૧૧-૮૩ સુધી મોરબીના જડેશ્વર મંદિરમાં સાંજે ૬-૧૫ થી ૭-૧૫ સુધી યોજાયેલ છે. પ્રવચનો દરમ્યાન પૂ. માશ્રી સર્વેશ્વરીનાં ભજનો પણ રજુ થશે.

તે પછી પૂ. શ્રીનાં પ્રવચનો રાજકોટ ખાતે તા. ૨૪-૧૧-૮૩થી તા. ૫-૧૨-૮૩ સુધી નક્કી થયાં છે.

પૂ. શ્રીએ તા. ૨૦-૧૦-૮૩ થી તા. ૩૦-૧૦-૮૩ સુધી પાલનપુર ખાતે કર્મયોગ ઉપર પ્રવચનો આપ્યાં.

# પ્રકાશના પંથે (આત્મકથા)

યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## શાંતાશ્રમનો ફરી મેળાપ

વડોદરાના નિવાસ દરમ્યાન શાંતાશ્રમજીનું સ્મરણ થાય એ સ્વાભાવિક હતું. ઋષિકેશની ધર્મશાળા છોડયા પછી મેં તેમને પત્ર લખવાનું બંધ કરેલું. મારો ધર્મશાળા ત્યાગનો વિચાર એમને પસંદ નહોતો પડયો. કોઇ વિષય-માં પ્રામાણિક વિચારભેદ પારસ્પરિક પ્રેમ સંબંધનો નાશ કરનારો શા માટે થવો જોઇએ? એટલે એક દિવસ બપોરે મેં રણમુક્તેશ્વર મહાદેવના મેડા ઉપર પ્રવેશ કર્યો.

ત્યારે સ્વામીજી આસન પર એક કટિવસ્ત્ર પહેરી બેઠેલા. તેમની મુખાકૃતિ ખૂબ તેજસ્વી દેખાતી. તેમને પ્રણામ કરીને હું તેમની પાસે બેસી ગયો. પરંતુ મને જોઇને તેમણે પહેલાં-ની જેમ સ્મિત ન કર્યું. તેમણે જરા રોષભર્યા સ્વરે પૂછયું, "તમારો આશ્રમ કયો છે?"

એ પ્રશ્ન પૂછવાનું કારણ મને સમજાયું નહિ. મેં લગ્ન ન કર્યું હોવાથી આમ તો મારો બ્રહ્મચર્યાશ્રમ જ ગણાય. કદાચ મારો વેશ તેમને વિચિત્ર ને અણગમો ઉત્પન્ન કરનારો લાગ્યો હશે. મેં તે વખતે પંચકેશ રાખ્યા હતા. કમ્મર નીચે ઢીંચણ સુધીનો સફેદ ખાદીનો ટૂકડો વીંટયો હતો અને શરીરે બીજો એવો ટૂકડો ઓઢયો હતો મેં ધોતિયાનો ત્યાગ કરી સાધુ જેવો ધારણ કરેલ વેશ એમને નહિ ગમ્યો હોય. ગમે તે હોય. મેં તેમને શાંતિથી ઉત્તર આપ્યો,



"આશ્રમ તો બ્રહ્મચર્યાશ્રમ જ છે. પણ જ્ઞાનની દૃષ્ટિએ આત્માને કયાં કોઈ આશ્રમ છે?"

તે પ્રશ્ન વિષે તેમણે વધારે વાતચીત ન કરી. પણ મારા તરફ દૃષ્ટિપાત કરીને તેમણે બીજો પ્રશ્ન કર્યો, "તમે કોને પૂછીને ધર્મશાળા છોડી દીધી?"

મે કહ્યું, 'ઈશ્વરની પ્રેરણાને માન આપી ધર્મશાળા છોડી દીધી.'

મારો ઉત્તર તેમને સારો ન લાગ્યો. તે ચીડાઇ ગયા : 'ઈશ્વરની પ્રેરણા તો મને પણ નથી થતી; ને તમને થઈ ગઈ?'

હવે તેમની ગંભીરતાનું કારણ મને સમજાયું. મેં કહ્યું, 'તમને પ્રેરણા થાય છે કે નહિ તેની મને માહિતી નથી. પણ હું તો એટલું કહું છું કે મને થઇ હતી.'

તેમને મારી વાત ગમી નહિ. એમણે એમની ઇચ્છા પ્રમાણે મને ચલાવવાની ઈચ્છા શા માટે રાખવી જોઇએ! તે પછી એમણે મારી સાધના વિષે કંઈપણ જાણવાની ઈચ્છા ન કરી અને કહ્યું, "ઠીક, હવે જ્યાં જવાથી મરજી હોય ત્યાં જાવ."

બાળપણથી જ મને શ્રી રામકૃષ્ણદેવ જેવા સદ્ગુરુના સમાગમની ઈચ્છા હતી. પરંતુ એવા સંતનો સમાગમ હજી સુધી નથી થયો. પરંતુ પરમાત્મારૂપી પરમ માતાની મારા ઉપર કૃપાદૃષ્ટિ છે, એટલે હું સર્વ કાળે સર્વ સ્થળે સુરક્ષિત છું. એથી મને શાંતિ છે.

વડોદરામાં અલકાપુરીમાં ચંપકભાઇના મામા અડાલજા રહેતા. તેઓ ખૂબ નમ્ર, નિખાલસ ને પ્રભુપરાયણ હતા. દિવસનો વધારે ભાગનો વખત તેઓ પ્રભુ સ્મરણમાં જ

પસાર કરતા. તેમની ઇચ્છા મારી સાથે ધ્યાન કરવાની હતી. તેઓ વહેલી સવારે ત્રણ વાગે મને બોલાવી જતા. અમે બન્ને ખુરસી ઉપર બેસી તેમના ખંડમાં ધ્યાન કરતા. મોટી ઉમ્મર છતાં તેઓ ટટ્ટાર બેસતા. તેમણે આસનની ટેવ સારી રીતે કેળવેલી. કલાક પછી હું વિદાય લેતો. પણ તેમનું ધ્યાન ચાલુ રહેતું.

તેમને સાત પુત્રો અને એક પુત્રી હતી. બધાં સંસ્કારી હતાં. એમના એક સુપુત્રને સહુ મોટાભાઇના મીઠા ને માન-વાચક નામથી સંબોધતા. તેમનું જીવન કેવળ ભક્તિમય હતું. તેમનો સ્વભાવ સરળ, ને સ્નેહમય હતો. સંસારમાં રહીને પ્રભુ પરાયણ થવાની વિકટ સાધના પ્રભુકૃપાથી તેમને સહજ થઈ ગયેલી. બંગાળના મહાન સંત શ્રી હરનાથ પાગલની પ્રેરણા, શક્તિ ને કૃપા તેમને મળેલી તેથી તેમનું સમસ્ત જીવન જાણે કે ફરી ગયેલું. કોઇ બડભાગીને જ આવો લાભ મળી શકે છે. તેમના પરિચયથી મને ઘણો આનંદ થયો. આવા પ્રભુમય વાતાવરણવાળુ ઘર આજના સમયમાં ભાગ્યે જોવા મળે છે.

વડોદરાથી અમે અમદાવાદ આવી તારાબેનને મળ્યાં. માતાજી હિમાલયયાત્રા સુખરૂપ કરી મારી સાથે પાછાં આવ્યાં તેથી તેને ખૂબ આનંદ થયો. ઋષિકેશમાં પરિચય થયેલ દામોદરભાઇને ત્યાં મારે રહેવાનું થયું.

અમારી મુલાકાત પછી દામોદરભાઇનો તો સ્વર્ગવાસ થયેલો. પરંતુ તેમનાં પત્ની ને કુટુમ્બીજનો ખૂબ માયાળુ હતાં ને પ્રેમથી સેવા કરતાં એટલે લાંબો વખત તેમને ત્યાં રહેવાનું થયું.

(ક્રમશઃ)



# પ. પૂ. માશ્રી સર્વેશ્વરી



મા સર્વેશ્વરી

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩ નવેમ્બરના રોજ આવે છે. આ મંગલદિને અધ્યાત્મ તેમજ મહાત્માશ્રી યોગેશ્વરજી પરિવારના સહુ સાધક ભાઈ બહેનો અંતરના અંતરતમમાંથી એમને શુભેચ્છાઓ પાઠવે છે. તેઓએ તો જીવનનું મંગલ ધ્યેય પ્રાપ્ત કર્યું છે, પરંતુ એમના આગમને અનેકોને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી છે. એટલે પ્રભુ એમને ખૂબ લાંબુ, સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય આપે અને વિશ્વની માનવતાની વાડીને વધુ મહેંકતી કરવાના પૂ. શ્રીના યુગકાર્યમાં તેઓનું પ્રદાન બની રહે એજ મંગળ ભાવના.

——xx——


કલીયુગમાં જપ એ અમોઘ શસ્ત્ર છે.
નામ જપ કરે તે મહીમાવાન બને છે.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઑફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦

# રામકથા

યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

[ શ્રી. યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

'કોઇ મને શું માને છે તેની મને જરાપણ ચિંતા નથી, હું કલ્પનાના પ્રદેશમાં નથી વિહરી રહ્યો. પરંતુ વાસ્તવિક જગતમાં જ વિહરી રહ્યો છું.'

'તો પછી ફુલવાડી તે ચેતન અથવા સજીવ હોઇ શકે?

એવી ફુલવાડી તો મારા જીવનમાં મેં હજુ સુધી નથી જોઇ.'

'તું કયાંથી જુએ? તું જોવાની તકલીફ ઉઠાવે ત્યારે ને? ઉર્મિલા, એ ફોરમવંતી સુંદર ફુલવાડી બીજે ક્યાંય નથી પરંતુ તારી પાસે જ છે : કસ્તુરી મૃગની નાભિમાં જેમ કસ્તુરી હોય છે, તેવી રીતે.'

"નિષ્કામ તું તો તત્ત્વજ્ઞ બનવા માંડયો અને વાતચીત પણ તત્ત્વજ્ઞાનની ભાષામાં કરવા લાગ્યો.

"ના એવું નથી. એવું જરા પણ ના માનતી."

"તો પછી? તારા પિતાશ્રી પુરોહિત તથા જ્ઞાની છે, એટલે એમણે તને જ્ઞાનવિજ્ઞાનના પ્રદેશમાં ડૂબકી મારવાનું શીખવ્યું હશે.

'ના એવું નથી. હું જે કહી રહ્યો છું તે યથાર્થ જ કહી રહ્યો છું. સાચું કહું તો તું પોતે જ એક સજીવ, ચેતન, પ્રત્યક્ષ ફુલવાડી છે. તારા શરીરની સરસ ફુલવાડીમાં તારુ પ્રત્યેક અંગ જાણે કે સુમધુર ફુલ છે. મને એ એટલું બધું સુંદર અને આકર્ષક લાગે છે, કે વાત નહિ."



"નિષ્કામ તારે આવું ના બોલવું જોઇએ તું મારો સમવયસ્ક છે. એટલે કાંઈ તારાથી મારી સાથે આટલી બધી છૂટ ના લેવાય."

"ઉર્મિલાના વારવા છતાં પણ નિષ્કામ મૂંગો ના રહ્યો. પરંતુ આગળ બોલ્યો:-'હું તારી સાથે કોઈ અઘટિત શારીરિક છૂટ નથી લેતો, પરંતુ હું તો મારા રસભીના રાગમય હૃદયમાં ચિરકાળથી સંઘરી રાખેલા વિચારો અને ભાવોની અભિવ્યક્તિ કરી રહ્યો છું. એટલું કરવાની છૂટતો મને હોવી જ જોઇએ. મારી એવી સ્વતંત્રતાને તો તું પણ નહિ ખૂંચવી શકે. પરંતુ એ વાતને બાજુએ રાખીને આજે કહેવા બેઠો જ છું, તો એક બીજી હકીકત પણ કહી દઉં. પણ એ સાંભળીને તું ગુસ્સે તો નહિ થાય ને?"

"ગુસ્સે થવાનો કોઇ પ્રશ્ન જ નથી. પરંતુ હવે એ વાત નહિ કહે તો નહિ ચાલે? આટલી વાત કહી તે પૂરતી છે.'

ના. કહેવા બેઠો જ છું. તો મારી વાતને હવે અધૂરી નહિ મૂકું. ફુલો પર ભમરા ઉડે છે, તેમ તારા શરીરની સુંદર ફુલવાડીમાં તારા ફુલ કરતાં એ વધારે ફોરમવાળા અમૃતમય અંગ પર મારા ભાવોરૂપી ભમરાઓ નિરંતર તથા અત્યંત ભક્તિભાવથી ભરાઈને ભમ્યા કરે છે. એ અંગોનું આકર્ષણ એવું છે કે વાત નહિ. ભમરાઓની પેઠે, મારા મનની વૃત્તિઓને કોઇ આમંત્રણ નથી આપતું અથવા સંદેશ પણ નથી પાઠવતું. પણ વૃત્તિઓ એમની આજુબાજુ જ રમ્યા કરે છે. એમના પરિણામે એમને અનેરા રસાસ્વાદની અનુભૂતિ થાય છે. મારી કલ્પનામાં પણ નથી આવતું ઉર્મિલા, કે સંસારમાં તારા જેવું સુંદર હોઈ શકે. તારા જેટલી અથવા તારાથી વિશેષ રૂપવતી બીજી કોઈએ નહિ હોય. નિષ્કામ બોલી રહ્યો એટલે ઉર્મિલાએ કહ્યું : "તારા શબ્દો સાંભળીને મને સહેજ પણ પ્રસન્નતા થઈ છે, એવુ ના માનતો. કોઇ પણ સમજુ સંયમી તથા સ્વમાની છોકરીને આવુ સાંભળીને પ્રસન્નતા ન થાય.

મને પ્રસન્નતા તો નથી જ થતી પરંતુ દુઃખ એ વાતનું થાય છે, કે તું આટલી નાની ઉંમરમાં ખોટે માર્ગે ચાલીને ખોટા ભાવો, ખોટા વિકારો, વગેરેનું સેવન કરી રહ્યો છું. તારે માટે આ વસ્તુ જરા પણ સારી ના કહેવાય. તું અત્યારથી જ આવા અમંગલ વિચારો કર્યા કરીશ તો આગળ જતા શું નહિ કરે? જો સંભા-ળીશ નહિ તો તારું જીવન બરબાદ બની જશે. અને કશાય કામનું નહિ રહે.

"એનો અર્થ એવો થોડો છે, કે મારે તને મારા તારે માટેના પ્રબળ પ્રેમનો ખ્યાલ ના આપવો?"

"તું જેનો ખ્યાલ આપે છે, તે ખ્યાલ પ્રેમનો નથી પણ મોહનો છે. એની સમજ કદાચ તને નહિ હોય. તારા ઉદ્‌ગારો મોહ તેમજ કુવિચારોથી ભરેલા છે. અત્યારે તારી અવસ્થા બ્રહ્મચર્યના પાલનની ધર્માનુષ્ઠાન કે વિદ્યોપાર્જનની છે એનો તું આવી રીતે દુરુપ-યોગ કરી રહ્યો છે. એ ખરેખર દુઃખની વાત છે. તારા પિતા રામા-નંદના નામને ઉજ્જવળ કરવા માટે તારા વર્તમાન જીવનનો સદ્‌ઉપયોગ કરીને વધારે ને વધારે સંસ્કારી, શીલવાન અને જ્ઞાની બનવું જોઈએ." "તું મને આવોજ ઉપદેશ આપીશ એવી મને કલ્પના તો થતીજ હતી. તારા આ ઉપદેશ માટે આભાર. બાકી બ્રહ્મચર્ય-નાં પાલન, ધર્માનુષ્ઠાન, કે વિદ્યોપાર્જનથી કોનું કલ્યાણ થયું, જાણ્યું છે? મને તો એવું નથી લાગતું. ભરયૌવનમાં, બ્રહ્મચર્ય-પાલન, ધર્માનુષ્ઠાન કે વિદ્યોપાર્જન જેવી ગંભીર અને નીરસ પ્રવૃત્તિ-માં પડી જઈએ તો પછી જીવનનો આનંદ ક્યારે મેળવી શકીયે? ભરયુવાની તો એળે જાય છે. અને તું મારા પિતાનાં નામને ઉજ્જવળ કરવાની વાત કરે છે, પરંતુ તારી કલ્પનાને એટલે સુધી પણ નથી દોડાવી શકતી કે તારા પ્રેમની પ્રાપ્તિ થઈ જાય પછી મારા પિતાશ્રી-નું નામ તો આપોઆપ ઉજ્જવળ થઈ જાય. એમના યશનો વિસ્તાર થવામાં પછી બાકી રહેજ શું?" (ક્રમશઃ)

## પરદેશના આજીવન સભ્ય

પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રત્યે, પરદેશમાં વસવા છતાં, શ્રદ્ધા, ભક્તિ ને પ્રેમભાવ ધરાવતા સાધક ભાઇઓ, અધ્યાત્મના આજીવન સભ્ય બનતા રહે છે. છેલ્લે બનેલા આજીવન સભ્ય આ પ્રમાણે છેઃ-

૬૬ શ્રી દયારામભાઈ રણછોડજી મિસ્ત્રી, બોલ્ટન, યુ કે. રૂા. ૧૫૦૧

તેમની ઉત્તમ ભાવના બદલ આભાર.

## ભારતના આજીવન સભ્ય.

ભારતના નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ-

૩૪૫ શ્રી રતનજી ડાહ્યાભાઈ મિસ્ત્રી. સચીન.
(એમના પુત્ર શ્રી મગનભાઇ તરફથી). રૂા. ૨૫૧
૩૪૬ શ્રી ભગવાનજીભાઈ સેતા, વાંદરા, મુંબઇ રૂા. ૨૫૧
૩૪૭ ,, રાજેશ્વર શાન્તિલાલ ઠાકર, મુંબઇ. રૂા. ૨૫૧
૩૪૮ ,, ધીરજલાલ નારાયણદાસ શાહ, મુંબઇ. રૂા. ૨૫૧
૩૪૯ ,, ભાગીરથીબેન એમ. પંડ્યા, ભાવનગર. રૂા ૨૫૧
૩૫૦ ,, ગુણવંતરાય પી. ભટ્ટ, સુરત. રૂા. ૨૫૧
૩૫૧ ,, શુભ લક્ષ્મી હસમુખલાલ ઝવેરી, સુરત રૂા. ૨૫૧

## ઓકટોબર ૮૩નો અંક

'અધ્યાત્મ'નો ઓકટોબર ૮૩નો અંક હવે ઉપલબ્ધ નથી. તે માટે ગ્રાહકોને પત્ર વ્યવહાર ન કરવા વિનંતી છે.

ઓકટોબર ૮૩ની પહેલી તારીખ સુધીમાં જેટલા ગ્રાહકો નોંધાયા, તેના કરતાં ૫૦૦ અંકો વધારે છપાવ્યા હતા. પરંતુ તે પછી ૧૦ ઓકટો. સુધીમાંજ ૫૦૦ વધુ ગ્રાહકો નોંધાઇ જતાં, હવે તે અંક સિલકમાં નથી. તો ગ્રાહકો ક્ષમા કરે.

# આજથીજ કામે લાગી જઇએ

જીવનનું શ્રેય એકલી વિદ્વત્તાથી નહિ સાધી શકાય. મુક્તિ ને બંધન, જન્મ ને મરણ, તથા પૂર્ણતા અને અલ્પતાની અટપટી સમસ્યાઓનો ઉકેલ કેવળ પાંડિત્યના બળથી નહિ આણી શકાય. ગમે તેવી તીક્ષ્ણ તર્કપટુતા પણ એમાં કામ નહિ લાગે. શાસ્ત્રોનું પરિશીલન, પઠન-પાઠન, શ્રવણ કે સંભાષણ પણ છેવટનો સંતોષ નહિ આપી શકે. એ બધું પથપ્રદર્શક થશે ખરૂં, પરંતુ પથની પાર પહોંચીને શંકાઓના સંપૂર્ણ નિરસન માટે તથા જીવનના સર્વતોમુખી શ્રેયની સિદ્ધિ માટે અંતરંગ સાધનાના અનુરાગી બનવું પડશે, ધ્યાનનો રસ કેળવવો પડશે અને અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિ–દ્વારા દૃષ્ટિ તથા વૃત્તિને દૈવી બનાવીને સંસારમાં શ્વાસ લેવાનો રહેશે. અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિદ્વારા શ્રેયની સિદ્ધિ કરીને આખરે એ અવસ્થાના મોહમાંથી પણ મુક્તિ મેળવીને, પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રશાંતિ ને પરમાનંદનું પિયૂષપાન કરતાં શીખવું પડશે.

જીવન ઘણું વિશાળ છે, અને જો આજથીજ કામે લાગી જઇએ તો શેષ જીવનમાં ઘણું ઘણું મેળવી શકીએ. કશું અશક્ય નથીજ. એ વાતમાં વિશ્વાસ રાખીએ.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨